श्रीविष्णुसहस्रनाम

भाषान्तर

શ્રી પૂજ્યપાદ શંકરાચાર્યની ટીકા
અનુસાર



अथ करन्यासः

ॐ अस्य श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्र-मंत्रस्य भगवान् वेदव्यास ऋषिः ॥ श्रीविष्णुः परमात्मा देवता ॥ अनुष्टुप् छंदः ॥ अमृतांशूद्भवो भानुरिति बीजम् ॥ देवकीनंदनः स्रष्टेति शक्तिः ॥ त्रिसामा सामगः सामेति हृदयम् ॥ शंखभृन्नंदकी चक्रीति कीलकम् ॥ शार्ङ्गधन्वा गदाधर इत्यस्त्रम् ॥ रथांगपाणिरक्षोभ्य इति कवचम् ॥ उद्भवः क्षोभणो देव इति परमो मंत्रः ॥

અર્થઃ—આ શ્રી વિષ્ણુસહસ્રનામસ્તોત્ર મંત્રના ઋષિ એટલે દ્રષ્ટા ભગવાન્ વેદવ્યાસ છે; મંત્રના અધિષ્ઠાતા દેવત શ્રીવિષ્ણુ પરમાત્મા છે; છંદ અનુષ્ટુપ્ છે. "अमृतांशूद्भवो भानुः" આ મંત્રનું બીજ છે (એટલે ગ્રંથારંભનું મુખ્ય કારણ છે); "देवकीनंदनः स्रष्टा" આ મંત્રની શક્તિ છે; "त्रिसामा सामगः साम" આ મંત્રનું હૃદય છે; "शंखभृन्नंदकी चक्री" આ મંત્રનું કીલક એટલે એક ઠેકાણે સ્થિર [illegible] ખીલો છે; "शार्ङ्गधन्वा गदाधर" આ મંત્રનું

અસ્ત્ર એટલે હથિયાર છે; "रथांगपाणिरक्षोभ्य" એ મંત્રનું કવચ એટલે બખતર છે; "इद्भवः क्षोभणो देव" ને શ્રી આ મંત્રનો પરમ મંત્ર છે.

श्रीमहाविष्णुप्रीत्यर्थं जपे विनियोगः ।

विश्वं विष्णुर्वषट्कार इत्यंगुष्ठाभ्यां नमः ॥

શ્રીમહાવિષ્ણુ માટે જપનો આરંભ કરું છું. "विश्वं विष्णुर्वषट्कार" આ મંત્ર ભણીને બન્ને હાથના અંગુઠાઓનો તર્જનીઓવડે સ્પર્શ કરી પ્રણામ કરવા.

अमृतांशूद्भवो भानुरिति तर्जनीभ्यां नमः ॥

"अमृतांशूद्भवो भानु०" આ મંત્ર ભણીને બન્ને હાથની તર્જનીઓ એટલે અંગુઠા પાસેની આંગળીઓનો અંગુઠાવડે સ્પર્શ કરી પ્રણામ કરવા.

ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्मेति मध्यमाभ्यां नमः ॥

"ब्रह्मण्यो ब्रह्मकृद्ब्र०" આ મંત્ર ભણીને બન્ને હાથની વચલી આંગળીઓનો અંગુઠાવડે સ્પર્શ કરી પ્રણામ કરવા.

सुवर્णबिंदुरक्षोभ्य इत्यनामिकाभ्यां नमः ।

"सुवर्णबिंदुरक्षोभ्य" આ મંત્ર ભણીને બન્ને હાથની

નામિકાઓ (ટચલી આંગળીઓની પાસેની આંગળીઓ)ને અંગુઠાવડે સ્પર્શ કરી પ્રણામ કરવા.

निमिषोऽनिमिषः स्रग्वीति कनिष्ठिकाभ्यां नमः ॥

"निमिषोऽनिमिषः स्रग्वि०" આ મંત્ર ભણીને બન્ને હાથની ટચલી આંગળીઓનો અંગુઠાવડે સ્પર્શ કરી પ્રણામ કરવા.

रथांगपाणिरक्षोभ्य इति करतलकरपृष्ठाभ्यां नमः ॥

"रथांगपाणिरक्षो०" આ મંત્ર ભણીને હાથનાં બન્ને તળિયાંનો અને પાછળના ભાગનો સ્પર્શ કરીને પ્રણામ કરવા.

इति करन्यासः ॥

આ પ્રમાણે કરન્યાસ વિધિ પૂરો કરવો.

अथ हृदयादि षडङ्गन्यासः

હવે હૃદય વગેરે છ અંગનો ન્યાસ કરવો

सुव्रतः सुमुखः सूक्ष्म ज्ञानाय हृदयाय नमः ॥

"सुव्रतः सुमुखः सूक्ष्म ज्ञानाय" આ મંત્ર ભણીને "हृदयाय नमः" એમ બોલીને હાથના અગ્ર ભાગથી હૃદયનો સ્પર્શ કરી પ્રણામ કરવા.

सहस्रमूर्धा विश्वात्मा ऐश्वर्याय शिरसे स्वाहा।

"**सहस्रमूर्धा विश्वात्मा ऐश्वर्याय**" આ મંત્ર ભણી "**शिरसे स्वाहा**" એમ કહીને હાથના અગ્ર ભાગે મસ્તકનો સ્પર્શ કરવો.

सहस्रार्चिः सप्तजिह्वः शक्त्यै शिखायै वषट् ॥

"**सहस्रार्चिः सप्तजिह्वः शक्त्यै**" આ મંત્ર ભણીને "**शिखायै वषट्**" એમ કહીને હાથના અગ્ર ભાગથી ચોટલીનો સ્પર્શ કરવો.

त्रिसामा सामगः साम बलाय कवचायहुं ॥

"**त्रिसामा सामगः साम बलाय**" આ મંત્ર ભણીને "**कवचायहुं**" એમ કહીને બન્ને હાથની હથેળીએ બન્ને ખભાને અડાડીને અદબ વાળવી. આ કવચ પહેરવાની ભાવના થાય છે.

रथांगपाणिरक्षोभ्य तेजसे नेत्राभ्यां वौषट् ॥

"**रथांगपाणिरक्षोभ्य तेजसे**" આ મંત્ર ભણી "**नेत्राभ्यां वौषट्**" એમ કહીને હાથના અગ્ર ભાગે બન્ને નેત્રનો અને ભ્રમર વચ્ચે અદૃશ્ય રહેલ ત્રીજા નેત્રનો સ્પર્શ કરવો.

शार्ङ्गधन्वा गदाधरः वीर्याय अस्त्राय फट् ॥

"शार्ङ्गधन्वा गदाधरः वीर्याय" આ મંત્ર ભણીને "अस्त्राय फट्" એમ કહી જમણો હાથ માથા ઉપરથી ફેરવીને તેના વતી ડાબા હાથની હથેળીમાં તાળી વગાડવી.

ऋतुः सुदर्शन कालः भूर्भुवस्स्वरोम् ॥ दिग्बंध ॥

"ऋतुः सुदर्शनः कालः भूर्भुवस्स्वरोम" આ મંત્ર ભણીને ચારે દિશામાં પાણી છાંટવું એને દિશા બાંધવી કહે છે.

इति हृदयादि षडङ्गन्यासः ॥

આ પ્રમાણે હૃદયાદિ ન્યાસ વિધિ પૂરો કરવો.

अथ ध्यानम्

शांताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं ।
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगम् ॥
लक्ष्मीकांतं कमलनयनं योगिभिर्ध्यानगम्यं ।
वंदे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥ १ ॥

શાંત આકારવાળા, શેષ નાગ ઉપર શયન કરનારા, જેમની નાભિમાં કમળ છે એવા, દેવતાના ઈશ્વર, વિશ્વના આધારભૂત, આકાશની પેઠે નિરાકાર, મેઘના જેવા શ્યામ રંગના, મંગળમય છે અંગ જેનાં એવા, લક્ષ્મીના પતિ, કમળ જેવાં છે નેત્ર જેનાં એવા, યોગીઓને ધ્યાનથી જાણવામાં આવતા, સંસારના ભયને નાશ કરનારા, સર્વ લોકના એક અધિપતિ એવા શ્રીવિષ્ણુનું હું ધ્યાન ધરું છું.

श्रीविष्णुसहस्रनाम

वैशंपायन उवाच ॥

श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ।

युधिष्ठिरः शांतनवं पुनरेवाभ्यभाषत ॥ १ ॥

વૈશંપાયન કહે છેઃ-(વેદોક્ત અને કલ્યાણકારક) સર્વ ધર્મો તથા (મન, વાણી અને કાયાને પવિત્ર કરનારાં) પવિત્ર કર્મો સર્વ રીતે સાંભળીને યુધિષ્ઠિર રાજાએ (અલ્પ પ્રયાસમાં સર્વ પુરુષાર્થના સાધન-ભૂત તથા મહાફળ આપનારા) શંતનુના પુત્ર ભીષ્મપિતામહને ફરીને આ પ્રમાણે કહ્યું.[1]

युधिष्ठिर उवाच ॥

किमेकं दैवतं लोके किंवाप्येकं परायणम् ।

स्तुवंतः कं कमर्चंतः प्राप्नुयुर्मानवाः शुभम् ॥ २ ॥

યુધિષ્ઠિર કહે છેઃ-આ જગત્‌માં એક મહાન્ દેવ કોણ છે? (પ્રાપ્ત કરવા યોગ્ય એવું) એક રક્ષણનું સ્થાન કયું છે? તથા મનુષ્યો કયા દેવની સ્તુતિ કરવાથી તથા કયા દેવનું અર્ચન કરવાથી ઉત્તમ સુખને પામે છે?[2]

को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ।
किं जपन्मुच्यते जंतुर्जन्मसंसारबंधनात् ॥ ३ ॥

તમે સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ કયો માનો છો? અને જન્મવાળા સંસાર બંધનમાંથી પ્રાણીનો છૂટકારો કયો મંત્ર જપવાથી થાય છે?[૩]

भीष्म उवाच ॥

जगत्प्रभुं देवदेवमनंतं पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥ ४ ॥
तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्तमेव च ॥ ५ ॥
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ॥ ६ ॥
ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ।
लोकनाथं महद्भूतं सर्वभूतभवोद्भवम् ॥ ७ ॥

ભીષ્મ કહે છેઃ—હે યુધિષ્ઠિર! પુરુષ નિત્ય સાવધ થઈ, વિષ્ણુનાં સહસ્ર નામવડે જગતના પ્રભુ, દેવના દેવ, અનંત અને પુરુષોત્તમ એવા શ્રી વિષ્ણુ ભગવાન્‌ની સ્તુતિ કરે છે (તો તે સર્વ દુઃખોમાંથી મુક્ત થાય છે).[૪] વળી જે, તે જ અવિનાશી પુરુષની ભક્તિથી નિત્ય પૂજા કરે, તેનું ધ્યાન ધરે,

તેની સ્તુતિ કરે, તેને નમસ્કાર કરે અને તેનું જ યજન કરે છે (તે પણ સર્વ દુઃખોને ઓળંઘી જાય છે;)[૫] તેમ જ વળી અનાદિ, અંતરહિત, સર્વ લોકમાં વ્યાપક, સર્વ લોકના મોટા ઈશ્વર, સર્વ લોકના અધ્યક્ષ, સર્વ લોકને સાક્ષાત્ જોનારાની નિત્ય સ્તુતિ કરનારો સર્વ દુઃખોને ઓળંઘી જાય છે.[૬] નિત્ય બ્રાહ્મણોનું હિત કરનારા, સર્વ ધર્મને જાણનારા, લોકોની કીર્તિમાં વૃદ્ધિ કરનારા, લોકના નાથ, અતિ અદ્ભુત, ભૂતની ઉત્પત્તિનું સ્થાન (એવા પરમાત્માની સ્તુતિ કરવાથી (પણ) મનુષ્ય સર્વ દુઃખમાંથી મુક્ત થાય છે).[૭]

एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।
यद्भक्त्या पुंडरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥ ८ ॥

સર્વ ધર્મોમાં આ ધર્મ અધિક છે એવો મારો મત છે. તે ધર્મ એ છે કે, ભક્તિથી કમળ જેવાં નેત્રવાળા (શ્રીકૃષ્ણ)ની સદા સ્તુતિ કરવી તથા તેમનું પૂજન કરવું.[૮]

परमं यो महत्तेजः परमं यो महत्तपः ।
परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥ ९ ॥

જે (શ્રીકૃષ્ણ) તેજના પરમ ને મહાન્ પુંજ છે,

જે મોટામાં મોટા તપરૂપ છે, જે મોટામાં મોટા બ્રહ્મરૂપ છે, અને જે આશ્રયનું પરમ ધામ છે;[૯]

पवित्राणां पवित्रं यो मंगलानां च मंगलम् ।
दैवतं देवतानां च भूतानां योऽव्ययः पिता ॥ १० ॥

જે પવિત્ર વસ્તુઓમાં પવિત્ર છે, જે મંગળોમાં પણ મંગળરૂપ છે, જે દેવતાઓમાં પરમ દૈવતરૂપ છે, અને જે પ્રાણી માત્રના અવિનાશી પિતા છે.[૧૦]

यतः सर्वाणि भूतानि भवंत्यादियुगागमे ।
यस्मिंश्च प्रलयं यांति पुनरेव युगक्षये ॥ ११ ॥
तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ।
विष्णोर्नामसहस्रं मे श्रणु पापभयापहम् ॥ १२ ॥

સત્ય યુગના આરંભમાં જેમાંથી સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને પ્રલય વેળા ફરીને સર્વે પ્રાણીઓ જેને વિષે લય પામે છે,[૧૧] હે રાજા! તે સર્વ લોકના અધિપતિ અને જગત્‌ના નાથ એવા શ્રીવિષ્ણુનાં પાપનો તથા ભયનો નાશ કરનારાં સહસ્ર નામો મારી પાસેથી સાંભળ.[૧૨]

यानि नामानि गौणानि विख्यातानि महात्मनः ।
ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये ॥१३॥

• મહાત્મા શ્રીકૃષ્ણનાં જે ગૌણ નામો જગત્માં પ્રખ્યાત છે અને જે નામો ઋષિઓએ ગાયાં છે તે નામો (ધર્માદિક ચાર પુરુષાર્થના લાભને માટે) હું તને કહીશ.[૧૩]

ॐ विश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः ।
भूतकृद्भूतभृद्भावो भूतात्मा भूतभावनः ॥ १४ ॥

૧ વિશ્વઃ–ઓમ્! વિશ્વરૂપ, ૨ વિષ્ણુઃ–સર્વવ્યાપક સ્વરૂપ, ૩ વષટ્કારઃ–યજ્ઞમાં બોલાતા વષટ્કારરૂપ, ૪ ભૂતભવ્યભવત્પ્રભુઃ–ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સ્વામી, ૫ ભૂતકૃત્ઃ–(બ્રહ્મારૂપે) સર્વભૂતના ઉત્પન્ન કરનારા, ૬ ભૂતભૃત્ઃ–(વિષ્ણુરૂપે) સર્વભૂતને પોષનારા, ૭ ભાવઃ–અસ્તિત્વરૂપ–સદ્રૂપ, ૮ ભૂતાત્માઃ–સર્વભૂતોના અંતરાત્મા, ૯ ભૂતભાવનઃ–સર્વ ભૂતોના ઉત્પત્તિ સ્થાનરૂપ.[૧૪]

पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ।
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥ १५ ॥

૧૦ પૂતાત્માઃ–પવિત્ર આત્માવાળા, ૧ પરમાત્માઃ–પરમ–શ્રેષ્ઠ આત્માવાળા, ૨ મુક્તાનાં પરમાગતિઃ–મુક્તજનોના પરમ આશ્રયરૂપ, ૩ અવ્યયઃ–અવિનાશી અથવા તો વિકારરહિત, ૪ પુ-

રુષઃ—નવ દ્વારવાળા દેહનગરમાં શયન કરનારા અ-થવા તો પ્રલય વેળાએ સર્વ ભુવનનો સંહાર કરનારા, ૫ સાક્ષીઃ—સાક્ષી સ્વરૂપ, ૬ ક્ષેત્રજ્ઞઃ—પોતાના ક્ષેત્ર અથવા નિવાસસ્થાનને જાણનારા, ૭ અક્ષરઃ—અવિનાશી.[૧૫]

योगो योगविदां नेता प्रधानपुरुषेश्वरः ।
नारसिंहवपुःश्रीमान् केशवः पुरुषोत्तमः ॥ १६ ॥

૮ યોગઃ—યોગાભ્યાસ કરતાં જેના વિષે ધ્યાન ધરવામાં આવે છે તે યોગમૂર્તિ, ૯ યોગવિદાં નેતાઃ—યોગને જાણનારાના સ્વામી, ૨૦ પ્રધાનપુરુષેશ્વરઃ—પ્રધાન (પ્રકૃતિ, માયા) અને પુરુષ (જીવ)ના ઇશ્વર, ૧ નારસિંહવપુઃ—જેનું શરીર નર અને સિંહ ઉભયથી યુક્ત છે એવા, ૨ શ્રીમાન્‌ઃ—(વક્ષઃસ્થળ-માં) લક્ષ્મીને ધારણ કરનારા, ૩ કેશવઃ—સુંદર કેશવાળા અથવા તો કેશી દૈત્યનો નાશ કરનારા, ૪ પુરુષોત્તમઃ—પુરુષોમાં ઉત્તમ.[૧૬]

सर्वः शर्वः शिवः स्थाणुर्भूतादिर्निधिरव्ययः ।
संभवो भावनो भर्ता प्रभवः प्रभुरीश्वरः ॥ १७ ॥

૫ સર્વઃ—સત્ અથવા અસત્ વસ્તુના નાશને અને ઉત્પત્તિને જાણનારા, ૬ શર્વઃ—પ્રલય વેળા

સર્વની પ્રજ્ઞાનો નાશ કરનારા, ૭ શિવઃ-સત્વ, રજસ અને તમસ ગુણોથી રહિત અથવા તો કલ્યાણકર્તા, ૮ સ્થાણુઃ-સ્થિર રહેનારા, ૯ ભૂતાદિઃ-સર્વભૂતોના આદિ કારણ, ૩૦ નિધિઃ-પ્રલય વેળાએ સર્વ જગતને પોતાને વિષે લય કરનારા; *અવ્યયઃ-અવિનાશી, ૧ સંભવઃ-જેની સ્વયં ઉત્પત્તિ છે તે સંભવરૂપ, ૨ ભાવનઃ-સર્વ ભોક્તાઓને ફળ આપનારા, ૩ ભર્ત્તાઃ-સર્વ વસ્તુઓને ધારણ કરનારા, ૪ પ્રભવઃ-પ્રકર્ષવડે મહા ભૂતોને ઉત્પન્ન કરનારા અથવા તો ઉત્તમ જન્મધારી, ૫ પ્રભુઃ-સર્વ કર્મ કરવામાં અતિ સામર્થ્યવાળા, ૬ ઈશ્વરઃ-ઉપાધિરહિત ઐશ્વર્યવાળા, ઉપાધિરહિત સર્વના સ્વામી.[૧૭]

स्वयंभूः शंभुरादित्यः पुष्कराक्षो महास्वनः ।
अनादिनिधनो धाता विधाता धातुरुत्तमः ॥ १८ ॥

૭ સ્વયંભૂઃ-પોતાની મેળે ઉત્પન્ન થનારા, ૮ શંભુઃ-ભક્તજનોનું કલ્યાણ કરનારા, ૯ આદિત્યઃ-

---

* निधि એ વિશેષ્ય છે ને अव्यय એ તેનું વિશેષણ છે માટે निधिरव्ययः એ એક નામ છે. આવી રીતે જ બીજાં નામોને માટે પણ સમજી લેવું.

સૂર્યમંડળમાં રહેનારા હિરણ્યમય પુરુષ, ૪૦ પુષ્કરાક્ષઃ-કમળ જેવાં નેત્રવાળા, ૧ મહાસ્વનઃ-(ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના ગાન કરવાથી) મહાસ્વરવાળા, ૨ અનાદિનિધનઃ-આદિ તથા અંત વિનાના, ૩ ધાતાઃ-શેષાદિકરૂપે વિશ્વને ધારણ કરનારા અથવા પોતાના અનંત રૂપોના વિસ્તારથી વિશ્વને નિભાવનારા; ૪ વિધાતાઃ-કર્મોની તથા તેના ફળની વ્યવસ્થા કરનારા, ૫ ધાતુરુત્તમઃ-બ્રહ્માથી પણ ઉત્તમ અથવા તો પૃથિવી આદિકથી પણ ઉત્તમ.[૧૮]

अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमरप्रभुः ।
विश्वकर्मा मनुस्त्वष्टा स्थविष्ठः स्थविरो ध्रुवः ॥१९॥

૬ અપ્રમેયઃ-પ્રમાણાદિકથી જણાય નહિ તેવા, ૭ હૃષીકેશઃ-ઇન્દ્રિયોના સ્વામી અર્થાત્ ક્ષેત્રજ્ઞરૂપધારી અથવા જેના કેશ વાંકડિયા છે તે, ૮ પદ્મનાભઃ-નાભિ ભાગમાં પદ્મ ધારણ કરનારા, ૯ અમરપ્રભુઃ-દેવતાઓના સ્વામી, ૫૦ વિશ્વકર્માઃ-વિશ્વાદિકની રચના કરનારા, ૧ મનુઃ-મનન કરનારા, ૨ ત્વષ્ટાઃ-સંહાર વેળાએ સર્વ પ્રાણીઓને સૂક્ષ્મ કરનારા, ૩ સ્થવિષ્ઠઃ-અત્યંત સ્થૂલમૂર્તિ

અથવા અત્યંત વિશાળ, ૪ સ્થવિરઃ–સનાતન, ધ્રુવઃ–અચળ.[૧૯]

अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ।

प्रभूतस्त्रिककुब्धाम पवित्रं मंगलं परम् ॥ २० ॥

૫ અગ્રાહ્યઃ–મન તથા વાણીથી જાણી શકાય નહિ તેવા, ૬ શાશ્વતઃ–કાળમાં રહેનારા, ૭ કૃષ્ણઃ–સચ્ચિદાનંદ મૂર્તિ અથવા તો ઘનશ્યામ મૂર્તિ, ૮ લોહિતાક્ષઃ–રાતાં નેત્રવાળા, ૯ પ્રતર્દનઃ–પ્રલય વેળા પ્રાણીઓનો સંહાર કરનારા, ૬૦ પ્રભૂતઃ–જ્ઞાન, ઐશ્વર્ય આદિક ગુણસંપન્ન, ૧ ત્રિકકુબ્ધામઃ–ઉપર, નીચે અને મધ્યભાગ એમ ત્રણે દિશામાં વાસ કરનારા, ૨ પવિત્રઃ–પવિત્ર, ૩ મંગલંઃ–મંગલકારક, પરમ્–શ્રેષ્ઠ.[૨૦]

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ।

हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥ २१ ॥

૪ ઇશાનઃ–સર્વ પ્રાણીઓના નિયંતા, ૫ પ્રાણદઃ–પ્રાણ આપનારા, ૬ પ્રાણઃ–મુખ્ય પ્રાણરૂપ અથવા તો સર્વને જીવાડનારા, ૭ જ્યેષ્ઠઃ–સર્વ કરતાં વડા, ૮ શ્રેષ્ઠઃ–સર્વ કરતાં ઉત્તમ, ૯ પ્રજાપતિઃ–પ્રજાનું રક્ષણ કરનારા, ૭૦ હિરણ્યગર્ભઃ–સુવર્ણના ગર્ભ–

(પેટ)વાળા; ૧ ભૂગર્ભઃ-પૃથિવીરૂપ ગર્ભ-(પેટ)-વાળા; ૨ માધવઃ-મા એટલે લક્ષ્મી તેના પતિ, ૩ મધુસૂદનઃ-મધુદૈત્યને મારનારા.[21]

ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः ।
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥ २२ ॥

૪ ઈશ્વરઃ-સર્વ શક્તિમાન્, ૫ વિક્રમીઃ-પરાક્રમ કરનારા, ૬ ધન્વીઃ-ધનુર્ધારી, ૭ મેધાવીઃ-બુદ્ધિશાળી, ૮ વિક્રમઃ-ગરુડપર સર્વ ઠેકાણે ગમન કરનારા, ૯ ક્રમઃ-જગતમાં ફરનારા, જે ક્રમપૂર્વક ગ્રહણ કરીને ઉપભોગ કરે છે તે, ૮૦ અનુત્તમઃ-જેના કરતાં કોઈ શ્રેષ્ઠ નથી તે, ૧ દુરાધર્ષઃ-કોઇથી પણ તિરસ્કાર કરી શકાય નહિ તેવા, ૨ કૃતજ્ઞઃ-મનુષ્યે કરેલાં પાપ-પુણ્યને જાણનારા, ૩ કૃતિઃ-ક્રિયારૂપ અથવા તો પુરુષના પ્રયત્નરૂપ, ૪ આત્મવાન્-આત્મસ્વરૂપ (શરીરવાન, ઇન્દ્રિયવાન ઇત્યાદિથી ભિન્ન).[22]

सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ।
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः ॥ २३ ॥

૫ સુરેશઃ-દેવતાના સ્વામી, ૬ શરણંઃ-પ્રાણીઓની પીડાને હરણ કરનારા એક આશ્રય, ૭ શર્મઃ-

પરમાનંદમૂર્તિ, કલ્યાણમૂર્તિ, ૮ વિશ્વરેતાઃ-જેનું રેતસ્-(વીર્ય) વિશ્વમય છે તે અર્થાત્ વિશ્વના કારણભૂત, ૯ પ્રજાભવઃ-સર્વ પ્રજાને ઉત્પન્ન કરનારા, ૯૦ અહઃ-દિવસમૂર્તિ, (કારણ કે જ્યારે તે જીવની પાસે જાય છે ત્યારે અજ્ઞાનરૂપ અંધકાર દૂર થાય છે), ૧ સંવત્સરઃ-વર્ષરૂપ, ૨ વ્યાલઃ-સર્પની પેઠે કોઇથી ગ્રહણ થઈ શકે નહિ તેવા, ૩ પ્રત્યયઃ-ઉત્તમ બુદ્ધિથી જણાય તેવા નિશ્ચય સ્વરૂપ, ૪ સર્વદર્શનઃ-સર્વ વસ્તુને જોનારા.[૨૩]

अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः ।
वृषाकपिरमेयात्मा सर्वयोगविनिःसृतः ॥ २४ ॥

૫ અજઃ-અજન્મા (જન્મ નથી એવા), ૬ સર્વેશ્વરઃ-સર્વના સ્વામી, ૭ સિદ્ધઃ-સંપૂર્ણ સ્વરૂપ હોવાથી સિદ્ધ, અથવા જેણે સર્વ મેળવ્યું છે તે સિદ્ધ, ૮ સિદ્ધિઃ-જ્ઞાની અથવા તો ફળની મૂર્તિ, ૯ સર્વાદિઃ-સર્વ પ્રાણીઓના આદિ કારણ, ૧૦૦ અચ્યુતઃ-જે સ્વસ્વરૂપના સામર્થ્યવડે સ્વસ્વરૂપમાંથી ભ્રષ્ટ ન થનારા, ૧ વૃષાકપિઃ-આખલા જેવા ડુક્કર સ્વરૂપે પૃથ્વીનો ઉદ્ધાર કરનારા, ધર્મનું રક્ષણ કરનારા, ૨ અમેયાત્મા:-અમાપ આત્મા-

વાળા, ૩ સર્વયોગવિનિઃસૃતઃ-સર્વ પ્રકારનાં કર્મ-બંધનમાંથી મુક્ત.[૨૪]

वसुर्वसुमनाः सत्यः समात्माऽसंमितः समः ।
अमोघः पुंडरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥ २५ ॥

૪ વસુઃ-જેને વિશે સર્વ પ્રાણીઓ વાસ કરે છે તે, ૫ વસુમનાઃ-ઉદાર મનવાળા, ૬ સત્યઃ-સત્યમૂર્તિ, ૭ સમાત્માઃ-રાગદ્વેષરહિત, શુદ્ધ આત્માવાળા અથવા તો સર્વ પ્રાણીઓમાં એક આત્મારૂપે વસતા, ૮ અસંમિતઃ-સર્વ પદાર્થોવડે મપાય નહિ તેવા, ૯ સમઃ-સર્વ કાળમાં સર્વ પ્રકારના વિકાર-રહિત, અથવા તો સમદૃષ્ટિ રાખનારા, ૧૧૦ અ-મોઘઃ-સ્તુતિ તથા પૂજા કરનારા ભક્તજનોને ફળ આપનારા, ૧ પુંડરીકાક્ષઃ-કમળ જેવાં નેત્રવાળા, ૨ વૃષકર્માઃ-ધર્મકર્મનું આચરણ કરનારા, ૩ વૃષા-કૃતિઃ-ધર્મકર્મ સ્વરૂપ.[૨૫]

रुद्रो बहुशिरा बभ्रुर्विश्वयोनिः शुचिश्रवाः ।
अमृतः शाश्वतः स्थाणुर्वरारोहो महातपाः ॥ २६ ॥

૪ રુદ્રઃ-સંહાર વેળા પ્રાણીઓને રોવરાવનારા, ૫ બહુશિરાઃ-ઘણાં મસ્તકવાળા, ૬ બભ્રુઃ-લોકોનું પોષણ કરનારા, ૭ વિશ્વયોનિઃ-વિશ્વનાં મૂળ રૂપ,

૮ શુચિશ્રવાઃ-પવિત્ર કીર્તિવાળા, ૯ અમૃતઃ-અમર, ૧૨૦ શાશ્વતઃ-સનાતન, ચિરંજીવ, ચિરકાળ જીવનારા; સ્થાણુઃ-અચળ રહેનારા, ૧ વરારોહઃ-સુંદર અંગવાળા, ૨ મહાતપાઃ-મહાતપસ્વી, તપની એટલી પ્રબળતાવાળા કે પ્રકૃતિને વિશ્વ ઉત્પન્ન કરવાની જરૂર પડે, અથવા ઇચ્છામાત્રથી સ્વયંવિશ્વ ઉત્પન્ન થાય.[૨૬]

सर्वगः सर्वविद्भानुर्विष्वक्सेनो जनार्दनः ।
वेदो वेदविदव्यंगो वेदांगो वेदवित्कविः ॥ २७ ॥

૩ સર્વગઃ-સર્વ ઠેકાણે ગતિ કરનારા, ૪* સર્વવિદ્:-સર્વને જાણનારા; ભાનુઃ-સર્વત્ર પ્રકાશ કરનારા, ૫ વિશ્વક્સેનઃ-જેની સેના વિશ્વમાં છે તે, ૬ જનાર્દનઃ-પાપી મનુષ્યોને નરકની પીડા આપનારા, જેની સર્વ લોકો ઇચ્છા કરે છે તે, ૭ વેદઃ-સર્વ વસ્તુનું જ્ઞાન સ્વરૂપ, ૮ વેદવિત્:-ચારે વેદોને જાણનારા, ૯ અવ્યંગઃ-સર્વ પ્રકારનાં જ્ઞાનથી સંપૂર્ણ, ૧૩૦ વેદાંગઃ-વેદાદિ અંગોવાળા, ૧ વેદવિદ્:-વેદોનો વિચાર કરનારા, ૨ કવિઃ-સર્વ વસ્તુને હસ્તામલકવત્ જોનારા, જેનાથી કોઈ બુદ્ધિમાં શ્રેષ્ઠ નથી તે.[૨૭]

* સર્વવિદ્ અને ભાનુઃ તે એક જ નામ માનવામાં આવ્યાં છે.

लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः ।
चतुरात्मा चतुर्व्यूहश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः ॥ २८ ॥

૩ લોકાધ્યક્ષઃ—સર્વ લોકોના અધ્યક્ષ, ૪ સુરાધ્યક્ષઃ—દેવતાઓમાં અધ્યક્ષ, ૫ ધર્માધ્યક્ષઃ—ધર્માધર્મના અધ્યક્ષ, ૬ કૃતાકૃતઃ—કાર્યરૂપ તથા કારણરૂપ, પૂર્વનાં કોઈ કૃતથી જે જન્મ્યો નથી તે, ૭ ચતુરાત્માઃ—અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ એ ચાર વિભૂતિવાળા; ૮ ચતુર્વ્યૂહઃ—ઉત્પત્તિ, સ્થિતિ, રક્ષા અને નાશ એ ચાર વ્યૂહવાળા, ૯ ચતુર્દંષ્ટ્રઃ—નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત, એ ચાર ડાઢવાળા, ૧૪૦ ચતુર્ભુજઃ—ચાર ભુજાવાળા, શંખ, ગદા, ચક્ર, અને પદ્મ દરેક હાથમાં ધરનારા.[૨૮]

भ्राजिष्णुर्भोजनं भोक्ता सहिष्णुर्जगदादिजः ।
अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः ॥ २९ ॥

૧ ભ્રાજિષ્ણુઃ—પ્રકાશમાન, ૨ ભોજનઃ—માયારૂપ અથવા વૈભવરૂપ, અથવા ભોજનરૂપ કારણ કે અન્નથી જીવાય છે. ૩ ભોક્તાઃ—સુખદુઃખ ભોગવનાર જીવરૂપ, અથવા પાપીઓનો ભોગ કરનાર, નાશ કરનાર અથવા ભક્તોની સાથે ભોગ

વિહાર કરનાર, ૪ સહિષ્ણુઃ–હિરણ્યકશિપુ વગેરે ભક્ત દાનવોની સાથે ટક્કર લેનારા અથવા ક્ષમાવંત, ૫ જગદાદિજઃ–જગત્‌ના આદિ પુરુષ જે બ્રહ્મા તેને ઉત્પન્ન કરનારા, ૬ અનઘઃ–દોષરહિત, ૭ વિજયઃ–જ્ઞાન, વૈરાગ્ય આદિથી જગતનો વિજય કરનારા, ૮ જેતાઃ–વિજય કરનારા, ૯ વિશ્વયોનિઃ–વિશ્વના કારણભૂત, ૧૫૦ પુનર્વસુઃ–શરીરમાં વારંવાર આત્મારૂપે નિવાસ કરનારા.[૨૯]

उपेंद्रो वामनः प्रांशुरमोघः शुचिरूर्जितः ।
अतींद्रः संग्रहः सर्गो धृतात्मा नियमो यमः ॥३०॥

૧ ઉપેન્દ્રઃ-ઇન્દ્રના નાના ભાઈ, અથવા ઇન્દ્રથી જે શ્રેષ્ઠ છે તે, ૨ વામનઃ–વામનજી, ૩ પ્રાંશુઃ–ત્રણ પગલાં પૃથ્વી ભરતી વેળા ઉંચા થયેલા, ૪ અમોઘઃ–સર્વને કર્માનુસાર ફળ આપનારા, ૫ શુચિઃ–સ્તુતિ કરનારા, મનુષ્યોને પવિત્ર કરનારા, ૬ ઊર્જિતઃ–મહાબળશાળી, ૭ અતીંદ્રઃ–સ્વાભાવિક એવાં જ્ઞાન, ઐશ્વર્ય આદિ ગુણોવડે ઇન્દ્રનો પરાજય કરનારા, અથવા ઇન્દ્રિયોથી જેનો પાર પમાતો નથી એવા, ૮ સંગ્રહઃ–સંહાર કાળે સર્વનો સંગ્રહ કરનારા, અથવા તો પુણ્યવંતોનો કે ભકતોનો સંગ્રહ

કરનારા, ૯ સર્ગઃ-ઉત્પત્તિ સમયે સર્વને ઉત્પન્ન કરનારા, ૧૬૦ ધૃતાત્માઃ-આત્મા સ્વરૂપને ઉત્પત્તિ, વૃદ્ધિ અને લય વિના ધારણ કરનારા, ૧ નિયમઃ-પ્રજાને તેઓના અધિકાર ઉપર નીમનારા, ૨ યમઃ-સર્વ પ્રાણીઓને પોતાના વિષે લય કરનારા અથવા સર્વને નિયમમાં રાખનારા યમરૂપ. ૩૦

वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ।

अतींद्रियो महामायो महोत्साहो महाबलः ॥ ३१ ॥

૩ વેદ્યઃ-મુમુક્ષુઓએ જાણવા યોગ્ય, ૪ વૈદ્યઃ-સર્વ વિદ્યા જાણનારા, અથવા ધનવંતરીરૂપ અથવા સંસારરૂપ બંધનનો નાશ કરનાર વૈદ્ય, ૫ સદાયોગીઃ-નિત્ય યોગમાંજ ધ્યાનસ્થ રહેનારા, ૬ વીરહાઃ-ધર્મની રક્ષા કરવા માટે અસુર યોધાઓનો સંહાર કરનારા, ૭ માધવઃ-માયાના સ્વામી, ૮ મધુઃ-ભક્ત જનને મધ પેરે મીઠાશ ઉપજાવનારા, ૯ અતીન્દ્રિયઃ-ઇન્દ્રિયોથી અગોચર, ૧૭૦ મહામાયઃ-મહામાયાવી અર્થાત્ મોટા માયાવીઓને પણ માયાની જાળમાં ફસાવનાર માયાવી, ૧ મહોત્સાહઃ-જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં મોટા ઉત્સાહી, ૨ મહાબલઃ-બળ-

વાનોના પણ બળરૂપ હોવાથી મહાબળશાળી.[૩૧]

महाबुद्धिर्महावीर्यो महाशक्तिर्महाद्युतिः ।

अनिर्देश्यवपुः श्रीमानमेयात्मा महाद्रिधृक् ॥ ३२ ॥

૩ મહાબુદ્ધિઃ-મોટા બુદ્ધિશાળી, ૪ મહાવીર્યઃ-મોટા પરાક્રમી, ૫ મહાશક્તિઃ-મોટીશક્તિવાળા, ૬ મહાદ્યુતિઃ-મોટી કાંતિવાળા, ૭ અનિર્દેશ્યવપુઃ-જેનું શરીર કોઈથી પણ કળ્યું જાય નહિ તેવા, ૮ શ્રીમાનઃ-લક્ષ્મીના નિવાસસ્થાન, સર્વ પ્રકારનાં શ્રી એટલે સૌંદર્યવાળા, ૯ અમેયાત્માઃ-સર્વ પ્રાણીઓથી જેનો આત્મા માપી શકાય નહિ તેવા, ૧૮૦ મહાદ્રિધૃક્ઃ-ગોવર્ધન વગેરે મોટા મોટા પર્વતોને ધારણ કરનારા.[૩૨]

महेष्वासो महीभर्ता श्रीनिवासः सतांगतिः ।

अनिरुद्धः सुरानंदो गोविंदो गोविदांपतिः ॥ ३३ ॥

૧ મહેષ્વાસઃ-મોટા ધનુર્ધારી; ઘણે દૂર બાણ ફેંકી શકનારા, ૨ મહીભર્ત્તાઃ-પૃથિવીને ધારણ કરનારા, ૩ શ્રીનિવાસઃ-જેના વક્ષઃસ્થલમાં નિત્ય લક્ષ્મી રહે છે તેવા, ૪ સતાંગતિઃ-સત્પુરુષોના આશ્રયરૂપ, ૫ અનિરુદ્ધઃ-ખરી ભક્તિ વિના જેને રોકી કે પકડી શકાતો નથી તે, ઈન્દ્રિયોથી જે

રોકી શકાતો નથી તે, ૬ સુરાનંદઃ-દેવતાઓને આનંદ આપનારા, ૭ ગોવિન્દઃ-વરાહનું રૂપ લઈ ગો એટલે પૃથ્વીનું રક્ષણ કરનારા, અથવા ગો એટલે ગાયત્રીને જાણનારા અથવા ગો એટલે ઇન્દ્રિયોને જાણનારા અથવા ગો એટલે ભક્તિને જાણનારા, ૮ ગોવિદાંપતિઃ-વેદાદિક શાસ્ત્રને જાણનારાઓના નાયક.[૩૩]

मरीचिर्दमनो हंसः सुपर्णो भुजगोत्तमः ।

हिरण्यनाभः सुतपाः पद्मनाभः प्रजापतिः ॥ ३४ ॥

૯ મરીચિઃ-તેજસ્વીઓના પણ કિરણરૂપ, ૧૯૦ દમનઃ-વૈવસ્વત આદિક મનુરૂપે પ્રજાને પ્રસન્ન કરીને નિયમમાં રાખનારા, ભક્તોના દુઃખોને દમનારા અથવા પાપીઓને દમનારા, ૧ હંસઃ-સંસારનો ભય નાશ કરનારા, પિતામહ બ્રહ્માને વેદ જણાવવાને હંસ સ્વરૂપ લેનારા, ૨ સુપર્ણઃ-ગરુડરૂપ, ૩ ભુજગોત્તમઃ-સર્પોમાં શેષનાગરૂપ, ૪ હિરણ્યનાભઃ-સુવર્ણના જેવી શોભાયમાન નાભિવાળા, ૫ સુતપાઃ-ઉત્તમ તપશ્ચર્યા કરનારા, ૬ પદ્મનાભઃ-કમળ જેવી ગોળાકાર નાભિવાળા, ૭ પ્રજાપતિઃ-પ્રજાનું પાલન કરનારા, પિતારૂપ.[૩૪]

अमृत्युः सर्वदृक् सिंहः संधाता संधिमान् स्थिरः ।
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा ॥३५॥

૮ અમૃત્યુઃ–મૃત્યુરહિત, ૯ સર્વદૃક્ઃ–પ્રાણીઓનાં સર્વ કાર્યને જોનારા, ૨૦૦ સિંહઃ–દુષ્ટોનો નાશ કરનારા, ૧ સંધાતાઃ–કર્મોની સંધિ કરાવનારા, ૨ સંધિમાનઃ–જે કર્મોનાં ફળો ભોગવાવે છે તે, ૩ સ્થિરઃ–નિરંતર સ્વરૂપમાં અચળ રહેનારા, ૪ અજઃ–જે જન્મમાં રહિત છે તે, ૫ દુર્મર્ષણઃ–દાનવાદિકથી કે પાપીથી સહન થઈ શકે નહિ તેવા, ૬ શાસ્તાઃ–સર્વને શિક્ષા કરનારા, ૭ વિશ્રુતાત્માઃ–જેનો આત્મા સત્ય જ્ઞાનરૂપ વિશેષ કરીને સાંભળવામાં આવ્યો છે એવા, ૮ સુરારિહાઃ–સુરોના શત્રુ દૈત્યોનો સંહાર કરનારા.[૩૫]

गुरुर्गुरुत्तमो धाम सत्यः सत्यपराक्रमः ।
निमिषोऽनिमिषः स्रग्वी वाचस्पतिरुदारधीः ॥३६॥

૯ ગુરુઃ–વેદાદિકનો ઉપદેશ કરવાથી અથવા તો ઉત્પન્ન કરવાથી ગુરુસ્વરૂપ, ૨૧૦ ગુરુત્તમઃ–બ્રહ્માદિક દેવતાઓના પણ ગુરુ, ૧ ધામઃ–સર્વ કામનાઓના આશ્રય અથવા તો તેજોમૂર્ત્તિ, ૨ સત્યઃ–સત્યમૂર્ત્તિ, ૩ સત્યપરાક્રમઃ–સત્ય પરાક્રમ-

વાળા, ૪ નિમિષઃ—યોગનિદ્રા કરતી વેળા નેત્રનું મટકું મારનારા, શાસ્ત્રમાં કહેલાં કર્માંપરજ મટકું મારનારા, ૫ અનિમિષઃ—નિત્ય પ્રબુદ્ધ સ્વરૂપ હોવાથી શાસ્ત્રમાં નિષેધ કરેલાં કર્મપર મટકું ન મારનારા, અથવા સદા જાગ્રત, ૬ સ્રગ્વીઃ—પુષ્પની વૈજયન્તી માળાને ધારણ કરનારા, ૭ વાચસ્પતિઃ—વાણીના પતિ, બૃહસ્પતિ, ઉદારધીઃ-ઉદાર બુદ્ધિવાળા.[૩૬]

अग्रणीर्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः ।
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ॥ ३७ ॥

૮ અગ્રણિઃ—સર્વ પ્રાણીઓના નેતા અથવા તો મુમુક્ષુઓને મોક્ષપદ આપનારા, ૯ ગ્રામણીઃ—સર્વ પ્રાણીઓના નાયક, ૨૨૦ શ્રીમાન્ઃ—લક્ષ્મીના પતિ, ૧ ન્યાયઃ—તર્કમૂર્ત્તિ, ૨ નેતાઃ—જગતના વ્યવહારનો નિર્વાહ કરનારા, ૩ સમીરણઃ—શ્વાસરૂપે સર્વ પ્રાણીઓને ચેષ્ટા કરાવનારા, ૪ સહસ્રમૂર્ધાઃ—હજાર મસ્તકવાળા, ૫ વિશ્વાત્માઃ—વિશ્વ જેનો આત્મા છે તે, અથવા જે વિશ્વના આત્મારૂપ છે તે, ૬ સહસ્રાક્ષઃ—હજાર નેત્રોવાળા, ૭ સહસ્રપાત્ઃ—હજાર ચરણવાળા.[૩૭]

आवर्त्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ।
अहः संवर्तको वह्निरनिलो धरणीधरः ॥ ३८ ॥

૮ આવર્ત્તનઃ-જે પોતાની ઈચ્છાનુસાર વિશ્વ-ચક્રને ચલાવવાના કારણરૂપ છે તે; અથવા ધર્મ સ્થાપન કરવા માટે અવતાર લેનારા, ૯ નિવૃ-ત્તાત્મા:-સંસારના બંધનમાંથી જેનું સ્વરૂપ મુક્ત છે એવા, ૨૩૦ સંવૃત્તઃ-માયાવડે વીંટાયલા કે જેથી સંસારી મનુષ્ય જોઈ શકે નહિ, ૧ સંપ્ર-મર્દનઃ-જેઓ તેનાથી દૂર રહે છે તેમનું પ્રબળતાથી મર્દન કરનારા; રુદ્ર, કાળ આદિ વિભૂતિઓવડે જગતનો સંહાર કરનારા, ૨ અહઃ-સૂર્યરૂપે દિવસને સારી રીતે ચલાવનારા, સંવર્તકઃ-કાળના પણ કાળરૂપ. ૩ વહ્નિઃ-બળિદાનને ગ્રહણ કરનારા, ૪ અનિલઃ-પવનમૂર્ત્તિ, ૫ ધરણીધરઃ-શેષ અને દિશાના હાથીઓ વગેરે રૂપોથી પૃથ્વીને ધારણ કરનારા, અથવા વારાહરૂપે પૃથ્વીને ધરનારા.[૩૮]

सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्विश्वभुग्विभुः ।
सत्कर्ता सत्कृतः साधुर्जह्नुर्नारायणो नरः ॥ ३९ ॥

૬ સુપ્રસાદઃ-શિશુપાલ આદિ અપરાધીઓ ઉપર પણ કૃપા કરનારા, ૭ પ્રસન્નાત્મા:-રજ

અને તમથી જેનું અંતઃકરણ મલિન નથી એવા, અર્થાત્ પ્રસન્ન છે આત્મા જેનો એવા, ૮ વિશ્વધૃક્ઃ-જગતને ધારણ કરનારા, ૯ વિશ્વભુક્ઃ-જગતને ભોગવનારા અથવા તો પાલન કરનારા, ૨૪૦ વિભુઃ-અનંત શક્તિવાળા, ૧ સત્કર્તાઃ-ભક્ત જનનો સત્કાર કરનારા, ૨ સત્કૃતઃ ભક્તોથી માન અપાયલા, ૩ સાધુઃ-ભક્તોનાં કાર્ય સાધનારા સાધુસ્વરૂપ, ૪ જન્હુઃ-સંહાર કાળે મનુષ્યોનો પોતાને વિષે લય કરનારા, ૫ નારાયણઃ-જળમાં શયન કરનારા, ૬ નરઃ-મનુષ્યને મોક્ષ આપનારા, સનાતન, પરમાત્મા.૩૯

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृच्छुचिः ।
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः ॥४०॥

૭ અસંખ્યેયઃ-ગણત્રી વિનાના, અપાર મૂર્ત્તિવાળા, ૮ અપ્રમેયાત્માઃ-કોઈ પણ રીતે માપી શકાય નહિ તેવું રૂપ ધારણ કરનારા, ૯ વિશિષ્ટઃ-સર્વ કરતાં શ્રેષ્ઠ, અથવા વિશેષ ગુણવાળા, ૨૫૦ શિષ્ટકૃત્ઃ-શિષ્ટ એટલે સંસ્કારી કરનારા, ૧ શુચિઃ-કામ ક્રોધ આદિક મળથી રહિત, શુદ્ધરૂપ, ૨ સિદ્ધાર્થઃ-નિવૃત્તિરૂપી અર્થને સિદ્ધ કરનારા, જેને

સર્વ અર્થ સિદ્ધ છે એવા, ૩ સિદ્ધસંકલ્પઃ-પોતાના સંકલ્પમાં સિદ્ધ થયેલા એવા, ૪ સિદ્ધિદઃ-સિદ્ધિને આપનારા, ૫ સિદ્ધિસાધનઃ-સિદ્ધિના સાધનરૂપ.[૪૦]

वृषाही वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः ।
वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः ॥ ४१ ॥

૬ વૃષાહીઃ-દ્વાદશાહ આદિક ધર્મમૂર્ત્તિ, ૭ વૃષભઃ-ભક્તોની કામના પૂરનારા, ૮ વિષ્ણુઃ-સર્વત્ર વ્યાપક, ૯ વૃષપર્વાઃ-પરલોકમાં જવાની ઈચ્છાવાળા ભક્તજનોને ધર્મરૂપી પગથિયાંરૂપ, ૨૬૦ વૃષોદરઃ-ઉદરમાં ધર્મને ધારણ કરનારા, જે વૃષ એટલે ઈન્દ્રને ઉદરરૂપ છે તે, ૧ વર્ધનઃ-ભક્તજનની વૃદ્ધિ કરનારા, ૨ વર્દ્ધમાનઃ-સંસારરૂપે વૃદ્ધિ પામનારા, ૩ વિવિક્તઃ-સંસારથી વિરક્ત રહેનારા, ૪ શ્રુતિસાગરઃ-ચારે વેદના સાગરરૂપ.[૪૧]

सुभुजो दुर्धरो वाग्मी महेंद्रो वसुदो वसुः ।
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः ॥ ४२ ॥

૫ સુભુજઃ-સુંદર હાથવાળા, ૬ દુર્ધરઃ-ધ્યાન વેળાએ મહા કષ્ટથી અંતઃકરણમાં ધારણ કરાય તેવા, ૭ વાગ્મીઃ-વાચાળ, જેનામાંથી વાચા-વેદ-

બ્રહ્મા જન્મ્યા છે તે, ૮ મહેન્દ્રઃ–મોટા ઇંદ્ર રાજા, જે જગતમાં મહા ઇંદ્ર છે તે, ૯ વસુદઃ–ધન આપનારા, ૨૭૦ વસુઃ–ધન મૂર્ત્તિ અથવા તો આકાશમાં વસનારા વાયુરૂપ, ૧ નૈકરૂપઃ–અનન્ત રૂપધારી, ૨ બૃહદ્રૂપઃ–મોટા વિશ્વ રૂપધારી, ૩ શિપિવિષ્ટઃ–યજ્ઞરૂપે પશુઓમાં નિવાસ કરનારા અથવા તો કિરણમાં રહેનારા, ૪ પ્રકાશનઃ–સર્વ વસ્તુને પ્રકાશ કરનારા.[૯૨]

ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः ।
ऋद्धः स्पष्टाक्षरो मंत्रश्चंद्रांशुर्भास्करद्युतिः ॥ ४३ ॥

૫ ઓજસ્તેજોદ્યુતિધરઃ–પ્રાણબળને, ઐશ્વર્યને અને કાંતિને ધારણ કરનારા, ૬ પ્રકાશાત્માઃ–પ્રકાશ કરનાર છે સ્વરૂપ જેનું એવા, ભક્તોને પોતાનો આત્મા પ્રકાશ કરનારા, ૭ પ્રતાપનઃ–વિશ્વને તપાવનારા, ૮ ઋદ્ધઃ–ધર્મજ્ઞાનથી તથા વૈરાગ્યથી સંપન્ન, ૯ સ્પષ્ટાક્ષરઃ–ૐકારવડે સ્પષ્ટ જણાતા, ૨૮૦ મંત્રઃ–ઋક્, યજુષ્ અને સામ-વેદના મંત્રરૂપ, ૧ ચન્દ્રાંશુઃ–ચંદ્રમાનાં કિરણોની પેઠે ત્રણ તાપથી પીડાયલાને આનંદ આપનારા, ૨ ભાસ્કરદ્યુતિઃ–સૂર્યના જેવા કાંતિવાળા.[૯૩]

अमृतांशूद्भवो भानुः शशबिंदुः सुरेश्वरः ।
औषधं जगतः सेतुः सत्यधर्मपराक्रमः ॥ ४४ ॥
भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ।
कामहा कामकृत्कांतः कामः कामप्रदः प्रभुः ॥४५॥

૩ અમૃતાંશૂદ્ભવઃ-સમુદ્રના મંથન વેળા ચંદ્રમાને ઉત્પન્ન કરનારા સાગરરૂપ, ૪ ભાનુઃ-પ્રકાશ કરનારા સૂર્ય, ૫ શશબિંદુઃ-ચંદ્રમા, સસલાંરૂપ ચિહ્નવાળા ચંદ્ર, ૬ સુરેશ્વરઃ-ઇન્દ્ર, ૭ ઔષધઃ-સંસારરૂપી વ્યાધિને દૂર કરવામાં ઔષધરૂપ, ૮ જગતઃસેતુઃ-જગતનું રક્ષણ કરવા માટે સેતુરૂપ, ૯ સત્યધર્મપરાક્રમઃ-સત્ય છે ધર્મ, જ્ઞાન આદિ ગુણો જેના તથા સત્ય છે પરાક્રમ જેનું એવા, ૨૯૦ ભૂતભવ્યભવન્નાથઃ-ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનાં પ્રાણીઓના સ્વામી, ૧ પવનઃ-પવનરૂપ, ૨ પાવનઃ-દૃષ્ટિમાત્રથી જગતને પવિત્ર કરનારા, પવિત્રને પણ પવિત્ર કરનારા, ૩ અનલઃ-અગ્નિમૂર્તિ અથવા તો જીવમૂર્તિ, ૪ કામહાઃ-ભક્તોની તૃષ્ણાનો નાશ કરનારા, ૫ કામકૃતઃ-ભક્તોની કામનાને પૂરનારા અથવા તો કામના પિતા, ૬ કાંતઃ-સુંદર, ૭ કામઃ-ધર્માદિક પુરુ-

ષાર્થની કામનાવાળાઓથી ઇચ્છાતા, ૮ કામપ્રદઃ- કામનાવાળાઓની સંપૂર્ણ કામનાઓને પૂરનારા, ૯ પ્રભુઃ-સર્વ કાર્ય કરવાને મહાસમર્થ. ૪૪-૪૫

युगादिकृद्युगावर्तो नैकमायो महाशनः ।
अदृश्योऽव्यक्तरूपश्च सहस्रजिदनंतजित् ॥ ४६ ॥
इष्टो विशिष्टः शिष्टेष्टः शिखंडी नहुषो वृषः ।
क्रोधहा क्रोधकृत्कर्ता विश्वबाहुर्महीधरः ॥ ४७ ॥

૩૦૦ યુગાદિકૃત્ઃ-સત્યાદિ યુગનો આરંભ કરનારા, ૧ યુગાવર્તઃ-યુગોને ચક્રની માફક ફેરવનારા, ૨ નૈકમાયઃ-અનંત માયા કરનારા, ૩ મહાશનઃ-મોટું ભોજન કરનારા, ૪ અદૃશ્યઃ-સર્વની બુદ્ધિથી તથા ઇન્દ્રિયોથી જોઈ શકાય નહિ તેવા, ૫ અવ્યક્તરૂપઃ-સૂક્ષ્મરૂપધારી, ૬ સહસ્રજિત્ઃ- હજારોને જિતનારા, ૭ અનંતજિત્ઃ-લીલાવડે સર્વનો વિજય કરનારા, ૮ ઇષ્ટઃ-યજ્ઞવડે પૂજાતા, ૯ વિશિષ્ટઃ-સર્વ કરતાં શ્રેષ્ઠ, ૩૧૦ શિષ્ટેષ્ટઃ- મોટમોટા વિદ્વાનોને પ્રિય, ૧ શિખંડીઃ-મયૂર પિચ્છવાળો મુકુટ ધારણ કરનારા, ૨ નહુષઃ-માયાવડે પ્રાણીઓને બંધનમાં નાંખનારા, ૩ વૃષઃ- કામના પૂરનારા ધર્મરૂપ, ૪ ક્રોધહાઃ-ક્રોધનો નાશ

કરનારા, ૫ ક્રોધકૃત્ઃ-ક્રોધના પિતા અથવા તો અસાધુ ઉપર ક્રોધ કરનારા, કર્તાઃ-જગત્ રચનારા, સર્વ કાર્ય કરનારા, ૬ વિશ્વબાહુઃ-ચારે દિશામાં બાહુવાળા, ૭ મહીધરઃ-પૃથ્વીને ધારણ કરનારા. ૪૬-૪૭

अच्युतः प्रथितः प्राणः प्राणदो वासवानुजः ।
अपांनिधिरधिष्ठानमप्रमत्तः प्रतिष्ठितः ॥ ४८ ॥

૮ અચ્યુતઃ-જન્માદિક છ વિકારરહિત, ૯ પ્રથિતઃ-જગતની ઉત્પત્તિ વગેરે કર્મોથી પ્રખ્યાત, ૩૨૦ પ્રાણઃ-સૂત્રાત્મારૂપે જગતને જીવાડનારા, ૧ પ્રાણદઃ-પ્રાણ આપનારા, ૨ વાસવાનુજઃ-ઇંદ્રના નાના ભાઈ, ૩ અપાંનિધિઃ-સાગરરૂપ અથવા સર્વ સાગરના સંગ્રહરૂપ, ૪ અધિષ્ઠાનઃ-પ્રાણીઓના ઉપાદાન કારણ એવા બ્રહ્મ, ૫ અપ્રમત્તઃ-અધિકારીઓને તેમના કર્માનુસાર ફળ આપનારા, કદિ ભૂલ ન કરનાર હોવાથી પ્રમાદ વગરના, ૬ પ્રતિષ્ઠિતઃ-પોતાના મહિમામાં રહેલા. ૪૮

स्कंदः स्कंदधरो धुर्यो वरदो वायुवाहनः ।
वासुदेवो बृहद्भानुरादिदेवः पुरंदरः ॥ ४९ ॥

૭ સ્કંદઃ-અમૃતરૂપે ધમન કરનારા તથા વાયુરૂપે સર્વનું શોષણ કરનારા, અથવા કાર્તિકસ્વામી-

રૂપ, ૮ સ્કંદધરઃ-ધર્મમાર્ગનું રક્ષણ કરનારા, ૯ ધુર્યઃ-મનુષ્યમાત્રની જન્મ, મરણ આદિકની ધૂંસરી ધરનારા, ૩૩૦ વરદઃ-વરદાન આપનારા, ૧ વાયુવાહનઃ-વાયુ જેવો વેગવંત ગરુડ છે વાહન જેનું એવા, અથવા વાયુને ચલાવનારા, ૨ વાસુદેવઃ-વસુદેવના પુત્ર, ૩ બૃહદ્ભાનુઃ-મોટાં કિરણોવડે જગતને પ્રકાશ કરનારા, ૪ આદિદેવઃ-મુખ્ય દેવ, સર્વ દેવોના મૂળરૂપ, ૫ પુરંદરઃ-શત્રુઓનાં નગરોનો નાશ કરનારા.[૪૯]

अशोकस्तारणस्तारः शूरः शौरिर्जनेश्वरः ।
अनुकूलः शतावर्तः पद्मी पद्मनिभेक्षणः ॥ ५० ॥

૬ અશોકઃ-શોકાદિ ૭ ઊર્મિઓથી રહિત, ૭ તારણઃ-સંસારસાગરમાંથી ભકતોનો ઉદ્ધાર કરનારા, ૮ તારઃ-ૐકારમૂર્તિ અથવા તો મનુષ્યોને જન્મ, જરા અને મરણના પાશમાંથી મુક્ત કરનારા, ૯ શૂરઃ-શૂરવીર, ૩૪૦ શૌરિઃ-શૂર વંશમાં જન્મેલા, ૧ જનેશ્વરઃ-મનુષ્યોના સ્વામી, ૨ અનુકૂલઃ-સર્વને આત્મારૂપે અનુકૂલ રહેનારા, સર્વને દયાથી જોનાર, ૩ શતાવર્ત્તઃ-ધર્મની રક્ષા કરવા માટે સેંકડો વાર જન્મ લેનારા, ૪ પદ્મીઃ-

શ્વેત કમળને ધારણ કરનારા, ૫ પદ્મનિભેક્ષણઃ-શ્વેત કમળ જેવાં નેત્રવાળા.[૫૦]

पद्मनाभोऽरविंदाक्षः पद्मगर्भः शरीरभृत् ।
महर्द्धिर्ऋद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः ॥ ५१ ॥

૬ પદ્મનાભઃ-નાભિમાં કમળને ધારણ કરનારા-૭ અરવિંદાક્ષઃ-રક્ત કમળ જેવાં નેત્રવાળા, ૮ પદ્મગર્ભઃ-હૃદયકમળમાં ધ્યાન કરવા યોગ્ય, અથવા પદ્મરૂપ ગર્ભવાળા, ૯ શરીરભૃતઃ-જીવવાળાં શરીરોનું પોષણ કરનારા અથવા રૂપ ધરનારા ૩૫૦ મહર્દ્ધિઃ-મોટી સમૃદ્ધિવાળા, ૧ ઋદ્ધત-સંસારમાં સ્વેચ્છાથી રુન્ધાયલા, અથવા પંચ મહઃ, રૂપે વૃદ્ધિ પામનારા, ૨ વૃદ્ધાત્મા:-પુરાતનીભૂ-આત્માવાળા, ૩ મહાક્ષઃ-વિશાળ નેત્રવાળા, ૪ ગારુડધ્વજઃ-ગરુડનાં ચિહ્નવાળી ધ્વજાથી અલંકૃત.[૫૧]

अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ।
सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिंजयः ॥ ५२ ॥

૫ અતુલઃ-ઉપમા વિનાના, જેની કોઈ સાથે તુલના થાય નહિ તેવા, ૬ શરભઃ-પ્રત્યેક શરીરમાં પ્રકાશ કરનારા, ૭ ભીમઃ-પાપીઓને ભય કરનારા, ૮ સમયજ્ઞઃ-સમય જાણનારા અર્થાત્ સમય-

વખતમાં બનનાર સર્વ વસ્તુને જાણનારા, ૯ હવિર્હરિઃ-યજ્ઞમાં હોમેલાં બળિદાનને હરનારા, અથવા બળિરૂપ તથા પાપને હરનારા, ૩૬૦ સર્વલક્ષણલક્ષણ્યઃ-સર્વ પ્રકારનાં લક્ષણોથી જાણવા યોગ્ય, ૧ લક્ષ્મીવાન્ઃ-લક્ષ્મીવાળા, ૨ સમિતિંજયઃ-રણસંગ્રામમાં વિજય કરનારા.[૫૨]

विक्षरो रोहितो मार्गो हेतुर्दामोदरः सहः ।
महीधरो महाभागो वेगवानमिताशनः ॥ ६१ ॥

૩ વિક્ષરઃ-અવિનાશી, ક્ષય ન થાય એવા, ૪ રોહિતઃ-મત્સ્યાવતાર લેનારા, ભક્તોના શત્રુ સામે ક્રોધથી રક્ત બનનારા, ૫ માર્ગહેતુઃ-ધર્મમાર્ગના ચલાવનારા, શોધનના હેતુરૂપ, ૬ દામોદરઃ-જેના ઉદરની આસપાસ દામ (સાંકલી)ની રેખા છે એવા, ૭ સહઃ-દૈત્યાદિકની સામે ટક્કર ઝીલનારા, અથવા ભક્તોના દોષોને સહન કરી જનારા, ૮ મહીધરઃ-પર્વતરૂપે પૃથ્વીને ધારણ કરનારા, ૯ મહાભાગઃ-મોટા ભાગ્યવંત, ૩૭૦ વેગવાન્ઃ-વેગવાળા, ૧ અમિતાશનઃ-સંહાર વેળા સર્વ જગતનું ભક્ષણ કરનારા, માપ ન કરી શકાય તેટલું ખાનારા અર્થાત્ સર્વ ખાનારા.[૫૩]

उद्भवः क्षोभणो देवः श्रीगर्भः परमेश्वरः ।
करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः ॥ ५४ ॥

૨ ઉદ્ભવઃ–જગતના ઉપાદાન કારણ, ૩ ક્ષોભણઃ–સૃષ્ટિવેળા પ્રકૃતિ અને પુરુષને ક્ષોભ કરનારા, હુચમચાવનારા, ૪ દેવઃ–અનંત પ્રકારની ક્રીડાઓ કરનારા અથવા પ્રકાશમાન, ૫ શ્રીગર્ભઃ–ઉદરમાં વિભૂતિને ધારણ કરનારા, ૬ પરમેશ્વરઃ–પરમેશ્વર, ૭ કરણંઃ–વિશ્વના ઉત્તમ સાધનરૂપ, ૮ કારણંઃ–પૃથ્વીની ઉત્પત્તિના ઉપાદાન કારણભૂત, ૯ કર્ત્તાઃ–સર્વ રીતે સ્વતંત્ર, ૩૮૦ વિકર્ત્તાઃ–વિચિત્ર પ્રકારની સૃષ્ટિ રચનારા, ૧ ગહનઃ–જાણી શકાય નહિ તેવા, ૨ ગુહઃ–માયાવડે સ્વસ્વરૂપને ઢાંકનારા.[૫૪]

व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः ।
परर्धिः परमः स्पष्टस्तुष्टः पुष्टः शुभेक्षणः ॥ ५५ ॥

૩ વ્યવસાયઃ–જ્ઞાનમાત્રસ્વરૂપ હોવાથી વ્યવસાયરૂપ અથવા સર્વ વિશેષણરહિત ચિદ્રૂપ, ૪ વ્યવસ્થાનઃ–વર્ણ અને આશ્રમના વિભાગ પાડનારા, અથવા જેના વિષે સર્વ વસ્તુઓનું સ્થાન છે તે, ૫ સંસ્થાનઃ–પ્રલયવેળા પ્રાણીઓને લય થવાના સ્થાનરૂપ, ૬ સ્થાનદઃ–ધ્રુવ આદિ ભક્તોને ઉત્તમ

સ્થાનક આપનારા, ૭ ધ્રુવઃ–અવિનાશી, ૮ પરર્ધિઃ– મોટી સમૃદ્ધિવાળા, ૯ પરમઃ–સર્વ કરતાં ઉત્તમ, ૩૯૦ સ્પષ્ટઃ–સ્પષ્ટ છે સ્વરૂપ જેનું એવા, ૧ તુષ્ટઃ– પ્રસન્ન થનારા, ૨ પુષ્ટઃ–સર્વરૂપે સંપૂર્ણ, ૩ શુભે-ક્ષણઃ–સુંદર નેત્રવાળા, જેની નજર શુભ એટલે કલ્યાણકારી છે તે.[૫૫]

रामो विरामो विरजो मार्गो नेयो नयोऽनयः ।
वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः ॥ ५६ ॥

૪ રામઃ–યોગીઓને રમવાના સ્થાનરૂપ, ૫ વિરામઃ–પ્રાણીઓને લય પામવાનું, આરામનું સ્થાન, ૬ વિરજઃ–રજોગુણ અને તમોગુણથી રહિત, જેના માર્ગમાં રજ અર્થાત્ દોષ નથી તેવા, ૭ માર્ગઃ–જીવ સ્વરૂપે મુમુક્ષુજનોને મોક્ષે જવા-ના માર્ગરૂપ, ૮ નેયઃ–ઉત્તમ જ્ઞાનવડે ગ્રહણ કરવા યોગ્ય, જે જીવને મોક્ષમાર્ગે લઈ જાય છે તે, ૯ નયઃ–સર્વને નિયમમાં રાખનારા, જેને કોઈ ફેરવતું નથી તે, ૪૦૦ અનયઃ–સ્વતંત્ર, ૧ વીરઃ– શૂરવીર, ૨ શક્તિમતાંશ્રેષ્ઠઃ–શક્તિવાળાઓમાં ઉત્તમ, ૩ ધર્મઃ–સર્વનો ઉદ્ધાર કરનારા, ૪ ધર્મ-વિદુત્તમઃ–ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ.[૫૬]

વૈકુંઠઃ પુરુષઃ પ્રાણઃ પ્રાણદઃ પ્રણવઃ પૃથુઃ ।

હિરણ્યગર્ભઃ શત્રુઘ્નો વ્યાપ્તો વાયુરધોક્ષજઃ ॥ ૬૭ ॥

૫ વૈકુંઠઃ–જગતના આરંભમાં જૂદાં જૂદાં પંચ મહાભૂતોને એકઠાં કરીને તેઓની સ્થિતિ બાંધનારા, ૬ પુરુષઃ–નવ દ્વારવાળી દેહપુરીમાં વસનારા, ૭ પ્રાણઃ–સર્વ પ્રાણીઓમાં પ્રાણરૂપે ચેષ્ટા કરનારા, ૮ પ્રાણદઃ–પ્રાણ આપનારા અથવા પ્રલયવેળા પ્રાણીઓના પ્રાણનો નાશ કરનારા, ૯ પ્રણવઃ–ૐકારમૂર્ત્તિ, જેને સર્વ નમન કરે છે તે, ૪૧૦ પૃથુઃ–જગતરૂપે વિસ્તારવાળા, ૧ હિરણ્યગર્ભઃ–સુવર્ણનાં ઇંડાંમાંથી જન્મેલા, ૨ શત્રુઘ્નઃ–શત્રુરૂપ દૈત્યનો નાશ કરનારા, ૩ વ્યાપ્તઃ–કારણરૂપે સર્વ કાર્યમાં વ્યાપેલા, ૪ વાયુઃ–વાયુરૂપ, સુગંધ ફેલાવનારા, ૫ અધોક્ષજઃ–જેની પાસે જ્ઞાનેન્દ્રિયોથી થયેલું જ્ઞાન પણ પહોંચી શકતું નથી એવા, અથવા તો આકાશ તથા પૃથ્વી જેનાથી ઉત્પન્ન થયાં છે એવા.[૫૭]

ઋતુઃ સુદર્શનઃ કાલઃ પરમેષ્ઠી પરિગ્રહઃ ।

ઉગ્રઃ સંવત્સરો દક્ષો વિશ્રામો વિશ્વદક્ષિણઃ ॥ ૬૮ ॥

૬ ઋતુઃ–વસંતાદિક છ ઋતુમૂર્તિ, ૭ સુદર્શનઃ–

નિર્વાણ છે ફળ જેનું એવા ઉત્તમ જ્ઞાનવાળા અથવા તો જેનું દર્શન ઉત્તમ છે એવા, જેનાં દર્શનથી સર્વ વસ્તુ સિદ્ધ થાય એવા, ૮ કાલઃ- સર્વનો સંહાર કરનારા, ૯ પરમેષ્ઠીઃ-પોતાના ઉત્તમ મહિમામાં નિવાસ કરનારા, ૪૨૦ પરિગ્રહઃ- ભકતોએ અર્પણ કરેલાં પત્ર, પુષ્પ આદિ ગ્રહણ કરનારા, અથવા સર્વત્ર જણાય તેવા, ૧ ઉગ્રઃ- સૂર્ય વગેરે તેજસ્વી પદાર્થોને પણ ભય આપનારા, ૨ સંવત્સરઃ-જેમાં પ્રાણીઓ એક સાથે નિવાસ કરે છે એવા, ૩ દક્ષઃ-સર્વ કાર્ય કરવામાં કુશળ, ૪ વિશ્રામઃ-સંસારની છ ઉર્મિઓથી તથા મોટા ક્લેશોથી ખિન્ન થયેલા લોકોને મુક્તિરૂપ વિશ્રાંતિ આપનારા, ૫ વિશ્વદક્ષિણઃ-આખા જગત્ કરતાં વિશેષ કુશળ અથવા વિશ્વ સંબંધી સર્વ કર્મ કરવામાં કુશળ.[૫૮]

विस्तारः स्थावरः स्थाणुः प्रमाणं बीजमव्ययम् ।
अर्थोऽनर्थो महाकोशो महाभोगो महाधनः ॥ ५९ ॥

૬ વિસ્તારઃ-સર્વ જગતના વિસ્તારનું સ્થાનક, ૭ સ્થાવરઃ-સ્થિર રહેનારા, સ્થાણુઃ-સર્વ વસ્તુઓને આધારરૂપ સ્તંભ; ૮ પ્રમાણંઃ-પ્રત્યય આદિ પ્ર-

માણુરૂપ, ૯ બીજમવ્યયં:-બીજ અથવા કારણુરૂપ તથા અવિનાશી, ૪૩૦ અર્થ:-સુખરૂપ હોવાથી સર્વ કોઇથી પ્રાર્થના કરાતા, ૧ અનર્થ:-સર્વ કામનાથી પરિપૂર્ણ હોવાને લીધે બીજાની પ્રાર્થના ન કરનારા, ૨ મહાકોશ:-અન્નમય, પ્રાણુમય, મનોમય, વિજ્ઞાનમય ને આનંદમય, એ પાંચ કોશોથી ઢંકાયલા, ૩ મહાભોગ:-સુખરૂપ મહાભોગ ભોગવનારા, ૪ મહાધન:-ભોગનાં સાધનરૂપ પુષ્કળ ધનવાળા.[૫૯]

अनिर्विण्णः स्थविष्ठोऽभूर्धर्मयूपो महामखः ।
नक्षत्रनेमिर्नक्षत्री क्षमः क्षामः समीहनः ॥ ६० ॥

૫ અનિર્વિણ્ણ:-નિરાશારહિત, ૬ સ્થવિષ્ઠ:-વિરાટ્‌રૂપે મહાસ્થૂલ, ૭ અભૂ:-જન્મરહિત, ૮ ધર્મયૂપ:-ધર્મના સ્તંભરૂપ, ૯ મહામખ:-મોટા યજ્ઞમૂર્ત્તિ, ૪૪૦ નક્ષત્રનેમિ:-ગ્રહમાત્રના નેમિરૂપ અર્થાત્ આકાશમાં સર્વ તારામંડળ ધ્રુવને કેન્દ્રસ્થ રાખી ફરે છે, તેથી ધ્રુવરૂપ તારામંડળમાં વિષ્ણુ શિશુચારરૂપે છે અને તે તારામંડળના દંડરૂપ છે, ૧ નક્ષત્રી:-ચંદ્રમારૂપ, ૨ ક્ષમ:-સર્વ કાર્ય કરવામાં શક્તિમાન્, ૩ ક્ષામ:-સર્વ મનુષ્યોમાં સ્વસ્વરૂપે

વસનારા, અથવા પ્રલય સમયે સ્વસ્વરૂપમાં વસનારા, ૪ સમીહનઃ–સૃષ્ટિ આદિક રચવા માટે સારી પેઠે ચેષ્ટા કરનારા.[૬૦]

यज्ञ इज्यो महेज्यश्च क्रतुः सत्रं सतांगतिः ।
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमम् ॥ ६१ ॥

૫ યજ્ઞઃ–યજ્ઞમૂર્ત્તિ, ૬ ઇજ્યઃ–પૂજવા યોગ્ય, ૭ મહેજ્યઃ–યજન કરવા યોગ્ય–સર્વ દેવતાઓમાં અવશ્ય યજન કરવા યોગ્ય, ૮ ક્રતુઃ–જેમાં સ્તંભ ઉભો કરવામાં આવે છે એવા યજ્ઞમૂર્ત્તિ, ૯ સત્રંઃ–સત્પુરુષોની રક્ષા કરનારા, અથવા તો ભોજન પૂર્વે આહુતિ આપવા યોગ્ય–પૂજવા યોગ્ય; ૪૫૦ સતાંગતિઃ–સત્પુરુષોની ગતિ (મોક્ષ) અથવા તો તેના આશ્રયરૂપ, ૧ સર્વદર્શીઃ–સર્વ પ્રાણીઓને અને તેમનાં કાર્યોને જોનારા, ૨ વિમુક્તાત્માઃ–સર્વ ગુણોથી મુક્ત, ૩ સર્વજ્ઞઃ–સર્વ વસ્તુને જાણુનારા, ૪ ઉત્તમજ્ઞાનઃ–ઉત્તમ જ્ઞાનમૂર્ત્તિ.[૬૧]

सुव्रतः सुमुखः सूक्ष्मः सुघोषः सुखदः सुहृत् ।
मनोहरो जितक्रोधो वीरबाहुर्विदारणः ॥ ६२ ॥

૫ સુવ્રતઃ–સદાચારવાળા અથવા તો ભક્તજનોને તુરત જ અભયદાન આપવારૂપી વ્રત

ધારણ કરનારા, ૬ સુમુખઃ–સુંદર મુખવાળા અથવા તો સર્વ વિદ્યાનો ઉપદેશ દેનારા હોવાથી સુંદર મુખવાળા, ૭ સૂક્ષ્મઃ–શબ્દાદિક સ્થૂલ કારણરહિત હોવાથી સૂક્ષ્મ, ૮ સુઘોષઃ–વેદાદિકનું ગાયન કરતી વેળાએ સુંદર શબ્દવાળા, ૯ સુખદઃ–સુખ આપનારા, ૪૬૦ સુહૃત્ઃ–સર્વના મિત્રરૂપ, ૧ મનોહરઃ–મનને હરણ કરનારા, ૨ જિતક્રોધઃ–ક્રોધને જિતનારા, ૩ વીરબાહુઃ–પરાક્રમ કરનારા બાહુવાળા, ૪ વિદારણઃ–અધર્મીઓનો નાશ કરનારા.[૬૨]

स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत् ।
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः ॥ ६३ ॥

૫ સ્વાપનઃ–માયાવડે અથવા અજ્ઞાનવડે સર્વ પ્રાણીઓને નિદ્રાધીન કરનારા, ૬ સ્વવશઃ–પોતાને જ આધીન, ૭ વ્યાપીઃ–સર્વત્ર વ્યાપક, ૮ નૈકાત્માઃ–વિભૂતિવડે અનેકરૂપ ધારણ કરનારા, ૯ નૈકકર્મકૃત્ઃ-જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારરૂપી અનેક કર્મ કરનારા, ૪૭૦ વત્સરઃ–સર્વનો નિવાસ છે જેને વિષે એવા, ૧ વત્સલઃ–ભક્તો ઉપર પ્રેમ કરનારા, ૨ વત્સીઃ–વાછરડાની વ્રજમાં રક્ષા કરનારા અથવા તો સર્વ પ્રજાપર પુત્રની પેરે

પ્રેમ કરનારા, ૩ રત્નગર્ભઃ-રત્નોને ઉદરમાં ધારણ કરનારા, અર્થાત્ સમુદ્રમૂર્ત્તિ, ૪ ધનેશ્વરઃ-ધનના સ્વામી કુબેરરૂપ.[૬૩]

धर्मगुब्धर्मकृद्धर्मी सदसत्क्षरमक्षरम् ।
अविज्ञाता सहस्रांशुर्विधाता कृतलक्षणः ॥ ६४ ॥

૫ ધર્મગુપ્-ધર્મનું રક્ષણ કરનારા, ૬ ધર્મકૃત્-ધર્મની મર્યાદા સ્થાપવામાટે ધર્મ કરનારા, ૭ ધર્મીઃ-ધર્મને ધારણ કરનારા, ૮ સત્ઃ-કારણરૂપે સત્ય, ૯ અસત્ઃ-પ્રપંચરૂપે અસત્ય, ૪૮૦ ક્ષરઃ-સર્વ વિશ્વરૂપે નાશવંત, ૧ અક્ષરઃ-કૂટસ્થરૂપે અક્ષર, ૨ અવિજ્ઞાતાઃ-આત્મામાં કર્તૃત્વાદિની વાસનાથી જીવરૂપ, ૩ સહસ્રાંશુઃ-હજાર કિરણવાળા સૂર્યમૂર્ત્તિ, ૪ વિધાતાઃ-શેષ, દિગ્ગજ અને પર્વતોને અથવા તો સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારા, ૫ કૃતલક્ષણઃ-વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરનારા અથવા તો સત્ય જ્ઞાનનાં લક્ષણરૂપ શાસ્ત્રોને રચનારા.[૬૪]

गभस्तिनेमिः सत्त्वस्थः सिंहो भूतमहेश्वरः ।
आदिदेवो महादेवो देवेशो देवभृद्गुरुः ॥ ६५ ॥

૬ ગભસ્તિનેમિઃ-કિરણરૂપી છે હાથ જેને

એવા ચંદ્રમા અને સૂર્યરૂપે રહેલા, ૭ સત્વસ્થઃ-પ્રાધાન્યપણાથી સર્વ પ્રાણીઓમાં ગુણરૂપે રહેલા અથવા તો સર્વ પ્રાણીઓમાં નિવાસ કરનારા, ૮ સિંહઃ-સિંહ જેવા પરાક્રમી, ૯ ભૂતમહેશ્વરઃ-સત્યવડે પ્રાણીઓના મહેશ્વર, ૪૯૦ આદિદેવઃ-આદિદેવ, ૧ મહાદેવઃ-સર્વ પદાર્થોનો ત્યાગ કરીને આત્મજ્ઞાનરૂપી યોગૈશ્વર્યમાં મોજ મારનારા મોટા ઈશ્વર, ૨ દેવેશઃ-દેવોના ઈશ્વર, ૩ દેવભૃદ્ગુરુઃ-દેવતાઓનું પ્રાધાન્યપણે પોષણ કરનારા તથા દેવોના દેવ ઇંદ્રના પણ ગુરુ અર્થાત્ બૃહસ્પતિ. ૬૫

उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ।

शरीरभूतभृद्भोक्ता कपींद्रो भूरिदक्षिणः ॥ ६६ ॥

૪ ઉત્તરઃ-જન્મરૂપી સંસારસાગરમાંથી તારનારા અથવા તો સર્વ કરતાં શ્રેષ્ઠ, ૫ ગોપતિઃ-ગાયોની રક્ષા કરનારા અથવા વૃક્ષની રક્ષા કરનારા અથવા તો વાણીના પતિ, ૬ ગોપ્તાઃ-જગતનું રક્ષણ કરનારા, ૭ જ્ઞાનગમ્યઃ-કેવળ જ્ઞાનથી જ જાણવામાં આવે તેવા, ૮ પુરાતનઃ-પુરાણ પુરુષ, ૯ શરીરભૂતભૃત્ઃ-શરીરને ઉત્પન્ન કરનારાં પંચભૂતોનું પોષણ કરનારા, ૫૦૦ ભોક્તાઃ-પાલન કરનારા

અથવા તો જીવરૂપે સુખદુઃખ ભોગવનારા, ૧ કપીંદ્રઃ–મહા વરાહ અથવા તો રામચન્દ્ર, ૨ ભૂરિદક્ષિણઃ–રામાદિરૂપે યજ્ઞમાં બહુ દક્ષિણા આપનારા.[૬૬]

सोमपोऽमृतपः सोमः पुरुजित्पुरुसत्तमः ।
विनयो जयः सत्यसंधो दाशार्हः सात्वतांपतिः ॥६७॥

૩ સોમપઃ–યજમાનરૂપે અથવા તો દેવતારૂપે સોમરસનું પાન કરનારા, ૪ અમૃતપઃ–સમુદ્ર મંથન વેળાએ નિકળેલું અમૃત દેવતાઓને પાનારા તથા પોતે પીનારા, ૫ સોમઃ–ઔષધિઓનું પોષણ કરનારા ચન્દ્રમા, ૬ પુરુજિત્‌–બહુ દૈત્યોનો પરાજય કરનારા, ૭ પુરુસત્તમઃ–વિશ્વરૂપ તથા સર્વ કરતાં શ્રેષ્ઠ, ૮ વિનયઃ–દુષ્ટોને નિયમમાં રાખનારા, ૯ જયઃ–સર્વનો પરાજય કરનારા, ૫૧૦ સત્યસંધઃ–સત્ય પ્રતિજ્ઞાવાળા, જેની પ્રતિજ્ઞા સત્ય જ થાય છે, ૧ દાશાર્હઃ–દાનયોગ્ય અથવા તો દાશાર્હ કુળમાં ઉત્પન્ન થયેલા, ૨ સાત્વતાંપતિઃ–સાત્વત કુળના પતિ અથવા તો યોગક્ષેમનું વહન કરનારા, અથવા પ્રાણીઓ પાસે જે કંઈ ન હોય તે આપનારા તથા હોય તેનું રક્ષણ કરનારા.[૬૭]

जीवो विनयिता साक्षी मुकुंदोऽमितविक्रमः ।
अंभोनिधिरनंतात्मा महोदधिशयोऽन्तकः ॥ ६८ ॥

૩ જીવઃ-ક્ષેત્રજ્ઞરૂપે રહેલા જીવરૂપ, ૪ વિનયિતાઃ-સર્વ પ્રાણીઓને દૃષ્ટિના પ્રત્યક્ષ પદાર્થ તરીકે જોનારા, સાક્ષીઃ-સ્વસ્વરૂપ સિવાય અન્ય ન જાણનારા, ૫ મુકુન્દઃ-મોક્ષ આપનારા, ૬ અમિતવિક્રમઃ-અપાર પરાક્રમવાળા, ત્રણ પગલામાં પૃથ્વી, આકાશ અને પાતાળને માપનાર, ૭ અમ્ભોનિધિઃ-સર્વ જળના સંગ્રહ સાગરરૂપ, ૮ અનંતાત્માઃ-વસ્તુતાએ અપરિચ્છિન્ન છે મૂર્ત્તિ જેની એવા, જેનો આત્મા એટલે મૂર્ત્તિનો અંત નથી એવા, ૯ મહોદધિશયઃ-સર્વ પ્રાણીઓનો સંહાર કરીને એકાકાર થયેલા મહાસાગરમાં શયન કરનારા, ૫૨૦ અન્તકઃ-પ્રાણીઓનો સંહાર કરનારા કાળમૂર્ત્તિ.[૬૮]

अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदनः ।
आनंदो नंदनो नंदः सत्यधर्मा त्रिविक्रमः ॥ ६९ ॥

૧ અજઃ-અજન્મા અથવા તો કાળમૂર્ત્તિ, ૨ મહાર્હઃ-પૂજા કરવા યોગ્ય, ૩ સ્વાભાવ્યઃ-સ્વાભાવિક રીતે જ પોતે ઉત્પન્ન થનારા, ૪ જિતા-

મિત્રઃ–રાગદ્વેષાદિક આંતર અને રાવણાદિક બાહ્ય શત્રુઓનો પરાજય કરનારા, શત્રુને જિતેલા છે જેણે એવા, ૫ પ્રમોદનઃ–આત્મજ્ઞાનરૂપી અમૃતનો સ્વાદ લેનારા અને હર્ષ આપનારા, ૬ આનંદઃ–આનંદમૂર્તિ, ૭ નંદનઃ-પ્રસન્ન કરનારા, ૮ નંદઃ–આનંદ આપવાને યોગ્ય સંપત્તિઓથી સંપન્ન, ૯ સત્યધર્મઃ–જ્ઞાનાદિક સત્યધર્મવાળા, ૫૩૦ ત્રિવિક્રમઃ-વામનાવતાર ધારણ કરીને ત્રણ પગલામાં ત્રણ લોકને પૂરનારા.[૬૯]

महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ।
त्रिपदस्त्रिदशाध्यक्षो महाशृंगः कृतांतकृत् ॥ ७० ॥

૧ મહર્ષિઃ–મહા ઋષિ, કપિલાચાર્યઃ–જે કપિલના પણ આચાર્ય છે, ૨ કૃતજ્ઞઃ–જે કંઈ કરવામાં આવ્યું છે તેના જાણનારા, ૩ મેદિનીપતિઃ–પૃથ્વીના પતિ, ૪ ત્રિપદઃ–ત્રણ ચરણવાળા, ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોક એ ત્રણ લોકવાળા, ૫ ત્રિદશાધ્યક્ષઃ–દેવતાઓમાં અધ્યક્ષ, ૬ મહાશૃંગઃ–મત્સ્યાવતારમાં માથે શિંગડાંવાળા, ૭ કૃતાંતકૃતઃ–કરેલાનો અંત લાવનારા, કાળનો પણ નાશ કરનારા અથવા તેને ઉત્પન્ન કરનારા મહાકાળ.[૭૦]

महावराहो गोविंदः सुषेणः कनकांगदी ।
गुह्यो गभीरो गहनो गुप्तश्चक्रगदाधरः ॥ ७१ ॥

૮ મહાવરાહઃ-મહાવરાહ, ૯ ગોવિન્દઃ-વેદવાણીથી જાણી શકાય તેવા, ૫૪૦ સુષેણઃ-સુંદર સેનાવાળા, ૧ કનકાંગદીઃ-સુવર્ણના બાજુબંધવાળા, ૨ ગુહ્યઃ-હૃદયાકાશમાં રહેવાથી ગુહ્ય, ૩ ગભીરઃ-જ્ઞાન, ઐશ્વર્ય અને બળ આદિવડે ગંભીર એટલે ઉંડા; ૪ ગહનઃ-પ્રવેશ કરી શકાય નહિ તેથી અથવા તો ત્રણ અવસ્થાના તથા ભાવાભાવના સાક્ષી હોવાથી ગહન, ૫ ગુપ્તઃ-મન તથા વાણીથી જણાય નહિ તેવા, ૬ ચક્રગદાધરઃ-લોકોની રક્ષાને માટે મનસ્તત્ત્વરૂપી ચક્રને અને બુદ્ધિતત્ત્વરૂપી ગદાને ધારણ કરનારા.[૭૧]

वेधाः स्वाङ्गोऽजितः कृष्णो दृढः संकर्षणोऽच्युतः ।
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः ॥ ७२ ॥

૭ વેધાઃ-વિધાતા, ૮ સ્વાંગઃ-કાર્ય કરવામાં પોતે સહકારી, ૯ અજિતઃ-અવતારોમાં કોઇનાથી પણ ન જિતાયલા, ૫૫૦ કૃષ્ણઃ-વેદવ્યાસરૂપ અથવા તો શ્યામ રંગના શ્રીકૃષ્ણ, ૧ દૃઢઃ-દૃઢ શક્તિવાળા, સ્વરૂપ સામર્થ્ય આદિથી ભ્રષ્ટ નહિ થનારા, ૨

સંકર્ષણઃ-સંહાર વેળા પ્રાણીઓનું આકર્ષણ કરનારા, ૩ અચ્યુતઃ-સ્વધર્મમાંથી ભ્રષ્ટ નહિ થનારા, ૪ વરુણઃ-વરુણ દેવ અથવા તો કિરણને ટૂંકા કરનારા સાયંકાળના સૂર્ય, ૫ વારુણઃ-વરુણના પુત્ર વસિષ્ઠ અથવા તો અગસ્ત્ય, ૬ વૃક્ષઃ-વૃક્ષની પેઠે અચળ રહેનારા, ૭ પુષ્કરાક્ષઃ-હૃદયકમળમાં ધ્યાન કરવાથી પોતાનાં સ્વરૂપે પ્રકાશનારા, ૮ મહામનાઃ-ઉદાર મનવાળા; સજવાની, પોષવાની અને નાશ કરવાની શક્તિ ધરાવનાર મોટા મનવાળા.[૭૨]

भगवान् भगहा नंदी वनमाली हलायुधः ।

आदित्यो ज्योतिरादित्यः सहिष्णुर्गतिसत्तमः ॥७३॥

૯ ભગવાન્ઃ-ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, વૈરાગ્ય અને મોક્ષ, આ છ ભગ એટલે સંપત્તિવાળા, ૫૬૦ ભગહાઃ-સંહાર વેળા સર્વનાં ઐશ્વર્યનો નાશકર્તા, ૧ નંદીઃ-સુખરૂપ, ૨ વનમાલીઃ-વૈજયંતી નામની વનમાળાને ધારણ કરનારા, ૩ હલાયુધઃ-હળરૂપી આયુધ ધારણ કરનારા, ૪ આદિત્યઃ-અદિતિના ઉદરે કશ્યપથી જન્મેલા, ૫ જ્યોતિરાદિત્યઃ-સૂર્યમંડળમાં જ્યોતિ મંડળરૂપે રહેલા,

૬ સહિષ્ણુઃ-સુખ દુઃખ જેવાં દ્વંદ્વ સહન કરનારા, ૭ ગતિસત્તમઃ-ઉત્તમ ગતિવાળા, ઉત્તમોની ગતિરૂપ મોક્ષના સ્થાનરૂપ.૭૩

सुधन्वा खंडपरशुर्दारुणो द्रविणप्रदः ।
दिवस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः ॥ ७४ ॥

૮ સુધન્વાઃ-શાર્ઙ્ગ નામનાં સુંદર ધનુષને ધારણ કરનારા, ૯ ખણ્ડપરશુઃ-શત્રુનો નાશ કરનારી પરશી જેને છોડવી પડી હતી તે, ૫૭૦ દારુણઃ-મહાભયંકર, ૧ દ્રવિણપ્રદઃ-ધન આપનારા, ૨ દિવસ્પૃક્ઃ-સ્વર્ગનો સ્પર્શ કરનારા, ૩ સર્વદૃગ્ઃ-સર્વ વસ્તુને પ્રત્યક્ષ જોનારા, વ્યાસઃ-એક વેદના ચાર વેદ કરનારા, ૪ વાચસ્પતિઃ-વિદ્યાના પતિ, ૫ અયોનિજઃ-યોનિ વિના જન્મેલા, સ્વયંભૂ.૭૪

त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक् ।
संन्यासकृच्छमः शांतो निष्ठाशांतिपरायणः ॥ ७५ ॥

૬ ત્રિસામાઃ-ત્રણ સામગાન કરનારાઓથી સ્તવાતા, ૭ સામગઃ-સામનું ગાન કરનારા, ૮ સામઃ-વેદોમાં સામવેદોની મૂર્તિરૂપ, ૯ નિર્વાણંઃ-પરમાનંદ સ્વરૂપ, ૫૮૦ ભેષજંઃ-સંસારરૂપી રોગના ઔષધરૂપ, ૧ ભિષક્ઃ-સંસારરૂપી રોગ દૂર

કરવા માટે મહાવિદ્યાનો ઉપદેશ આપનારા વૈદ્યરૂપ, ૨ સંન્યાસકૃત્:–મોક્ષ માટે સંન્યાસાશ્રમ બાંધનારા, ૩ શમઃ–સંન્યાસીઓને મુખ્યપણે શમનો ઉપદેશ કરનારા, ૪ શાંતઃ–વિષયસુખોમાં અસંગ, ૫ નિષ્ઠાશાંતિપરાયણઃ–પ્રલય વેળાએ લય થવાના સ્થાનરૂપ, સર્વ અવિદ્યાની નિવૃત્તિરૂપ, તથા પુનરાવૃત્તિની શંકારહિત સ્થાનરૂપ.[૭૫]

शुभांगः शांतिदः स्रष्टा कुमुदः कुवलेशयः ।
गोहितो गोपतिर्गोप्ता वृषभाक्षो वृषप्रियः ॥ ७६ ॥

૬ શુભાંગઃ–સુંદર અંગવાળા, ૭ શાંતિઃ–શાંતિ આપનારા, ૮ સ્રષ્ટાઃ–સર્વ પ્રાણીઓના સરજનારા, ૯ કુમુદઃ–પૃથિવી ઉપર આનંદ આપનારા ચન્દ્રરૂપ, ૫૯૦ કુવલેશયઃ–જળમાં શેષના ઉદર ઉપર શયન કરનારા, ૧ ગોહિતઃ–ગાયોનું (પૃથિવીનું) હિત કરનારા, ૨ ગોપતિઃ–પૃથિવી વગેરેના રક્ષક, ૩ ગોપ્તાઃ–માયાવડે પોતાનાં સ્વરૂપને ઢાંકનારા અથવા તો જગતનું રક્ષણ કરનારા, ૪ વૃષભાક્ષઃ–સર્વ કામનાને પૂરનારાં છે નેત્રો જેનાં એવા અથવા તો ધર્મની જેની દૃષ્ટિ છે એવા, ૫ વૃષપ્રિયઃ–ધર્મપ્રિય.[૭૬]

अनिवर्ती निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ।
श्रीवत्सवक्षाः श्रीवासः श्रीपतिः श्रीमतांवरः ॥७७॥

૬ અનિવર્ત્તી:–દેવાસુર સંગ્રામવેળા સામા ચાલીને લઢનારા, પાછા ન ફરનારા, ૭ નિવૃત્તાત્મા:–વિષયવાસનારહિત શુદ્ધ મનવાળા, ૮ સંક્ષેપ્તા:–સંહાર વેળા જગતને ટુંકામાં સંકેલનારા, અથવા ટુંકું કરી નાંખનારા, ૯ ક્ષેમકૃત્:–અંગીકૃતનું રક્ષણ કરનારા, ૬૦૦ શિવ:–કલ્યાણમૂર્તિ, કલ્યાણ કરનારા, ૧ શ્રીવત્સવક્ષા:–સ્મરણ કરવાથી કલ્યાણ કરનારા વા વક્ષ:સ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરનારા, ૨ શ્રીવાસ:–નિત્ય લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ, ૩ શ્રીપતિ:–લક્ષ્મીના પતિ, ૪ શ્રીમતાંવર:–ઋગ્, યજુષ્, સામ આદિ લક્ષ્મીવડે લક્ષ્મીવંત એવા બ્રહ્મા આદિકમાં શ્રેષ્ઠ.૭૭

श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः ।
श्रीधरः श्रीकरः श्रेयः श्रीमाँल्लोकत्रयाश्रयः ॥ ७८ ॥

૫ શ્રીદ:–ભક્તોને લક્ષ્મી આપનારા, ૬ શ્રીશ:–લક્ષ્મીના નાથ, ૭ શ્રીનિવાસ:–લક્ષ્મીના નિવાસસ્થાન, અથવા લક્ષ્મી હોય ત્યાં વસનારા, ૮ શ્રીનિધિ:–લક્ષ્મીના ભંડાર અથવા તો આધારરૂપ,

૯ શ્રીવિભાવનઃ-મનુષ્યોને કર્માનુસાર વિવિધ લક્ષ્મી આપનારા, ૬૧૦ શ્રીધરઃ-લક્ષ્મીને ધારણ કરનારા, ૧ શ્રીકરઃ-સ્તુતિ, સ્મરણ અને પૂજન કરનારા ભકતોનું કલ્યાણ કરનારા, અથવા જેનો કર એટલે હાથ શ્રીલક્ષ્મીરૂપ છે અર્થાત્ જેને હાથે હંમેશાં શ્રેય થાય છે તે, ૨ શ્રેયઃ-કલ્યાણરૂપ, ૩ શ્રીમાન્ઃ-લક્ષ્મીવાન્, ૪ લોકત્રયાશ્રયઃ-ત્રણ લોકના આશ્રયરૂપ,[૭૮]

स्वक्षः स्वंगः शतानंदो नंदिर्ज्योतिर्गणेश्वरः ।
विजितात्मा विधेयात्मा सत्कीर्तिश्छिन्नसंशयः ॥७९॥

૫ સ્વક્ષઃ-સુંદર નેત્રવાળા, ૬ સ્વંગઃ-સુંદર અંગવાળા, ૭ શતાનન્દઃ-એક જ પરમાનંદ ઉપાધિરૂપે શતધા ભેદ પામનારા, ૮ નન્દિઃ-પરમાનન્દ સ્વરૂપ, ૯ જ્યોતિર્ગણેશ્વરઃ-ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે જ્યોતિર્મંડળના સ્વામી, ૬૨૦ વિજિતાત્માઃ-આત્માનો નિગ્રહ કરનારા, ૧ વિધેયાત્માઃ-કોઈની આજ્ઞામાં ન રહેનારા, સ્વતંત્ર આત્માવાળા, ૨ સત્કીર્તિઃ-ઉત્તમ કીર્તિવાળા, ૩ છિન્નસંશયઃ-સંશય વિનાના.[૭૯]

उदीर्णः सर्वतश्चक्षुरनीशः शाश्वतः स्थिरः ।
भूशयो भूषणो भूतिर्विशोकः शोकनाशनः ॥ ८० ॥

૪ ઉદ્દીર્ણઃ—સર્વ પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ, ૫ સર્વતશ્ચક્ષુઃ—સર્વ વસ્તુને સ્વચૈતન્યવડે સર્વ દિશામાં જોનારા, ૬ અનીશઃ—જેનો કોઈ પણ સ્વામી નથી એવા, ૭ શાશ્વતઃ સ્થિરઃ—સદાકાળ વિકાર નહિ પામનારા, ૮ ભૂશયઃ—સીતાની શોધ વેળા સમુદ્રની તટભૂમિ ઉપર શયન કરનારા, ૯ ભૂષણઃ—ઘણા અવતારોથી પૃથ્વીને શોભા આપનારા, ૬૩૦ ભૂતિઃ—સર્વ વિભૂતિના કારણભૂત, ૧ વિશોકઃ—શોકરહિત, ૨ શોકનાશનઃ—ભક્તોના શોકનો નાશ કરનારા,૮૦

अर्चिष्मानर्चितः कुंभो विशुद्धात्मा विशोधनः ।
अनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥ ८१ ॥

૩ અર્ચિષ્માન્ઃ—સૂર્ય, ચન્દ્ર, આદિ તેજસ્વીઓમાં મુખ્ય તેજસ્વી, ૪ અર્ચિઃ—બ્રહ્મા આદિ સર્વથી પૂજાતા, ૫ કુંભઃ—કુંભની પેઠે સર્વ પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ, ૬ વિશુદ્ધાત્માઃ—ત્રણ ગુણથી રહિત શુદ્ધ આત્માવાળા, ૭ વિશોધનઃ—સ્મરણ માત્રથી પાપનો નાશ કરનારા, ૮ અનિરુદ્ધઃ—ચાર વ્યૂહમાં અનિરુદ્ધ મૂર્તિ, જેને કોઈ અટકાવી શકતું નથી એવા, ૯ અપ્રતિરથઃ—જેને

કોઈ શત્રુ નથી એવા, જેના રથની સામે કોઈનો રથ ઉભો રહેતો નથી, (મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણે અર્જુનનું સારથિપદ લીધું ત્યારે કોઈનો રથ ઉભો રહ્યો ન હતો) ૬૪૦ પ્રદ્યુમ્નઃ-ચાર વ્યૂહમાં પ્રદ્યુમ્નરૂપ, ૧ અમિતવિક્રમઃ-અમાપ પરાક્રમવાળા.૮૧

कालनेमिनिहा वीरः शौरिः शूरजनेश्वरः ।
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः ॥८२॥

૨ કાલનેમિનિહાઃ-કાલનેમિ નામના અસુરનો નાશ કરનારા, ૩ વીરઃ-શૂરવીર, ૪ શૌરિઃ-શૂર કુળમાં જન્મેલા, ૫ શૂરજનેશ્વરઃ-ઇંદ્રાદિક શૂરવીરોના ઈશ્વર, ૬ ત્રિલોકાત્માઃ-ત્રણ લોકના અંતરાત્મા, ૭ ત્રિલોકેશઃ-ત્રણ લોકના ઇશ્વર, ૮ કેશવઃ-ચન્દ્ર, સૂર્ય આદિ તેજસ્વી પદાર્થો જેના કેશ છે તે, અથવા તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ નામની શક્તિઓ જેના કેશ છે તે, ૯ કેશિહાઃ-કેશિ નામના દૈત્યને મારનારા, ૬૫૦ હરિઃ-સંસારનો નાશ કરનારા.૮૨

कामदेवः कामपालः कामी कांतः कृतागमः ।
अनिर्देश्यवपुर्विष्णुर्वीरोऽनंतो धनंजयः ॥ ८३ ॥

૧ કામદેવઃ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ઇચ્છાવાળાં મનુષ્યોથી ઇચ્છાતા પરમેશ્વર, અથવા સર્વ કામનાઓના અધિષ્ઠાતા દેવ, ૨ કામપાલઃ-કામનાવાળાં મનુષ્યોની કામનાનું રક્ષણ કરનારા, ૩ કામીઃ-પૂર્ણ કામનાવાળા અથવા તો કામનાવાળા, ૪ કાંતઃ-બે પરાર્દ્ધ થયા પછી બ્રહ્માનો નાશ કરનારા અથવા તો સુંદર રૂપવાળા, ૫ કૃતાગમઃ-શ્રુતિ, સ્મૃતિ આદિ રચનારા, ૬ અનિર્દેશ્યવપુઃ-ગુણાદિકથી રહિત હોવાથી જેનું શરીર આવું છે એમ કહી શકાય નહિ તેવા, ૭ વિષ્ણુઃ-સર્વત્ર વ્યાપક, ૮ વીરઃ-શૂરવીર, ૯ અનન્તઃ-છેડારહિત, ૬૬૦ ધનંજયઃ-અર્જુનરૂપ કે જેણે દિગ્વિજય વેળા ઘણું ધન જિત્યું હતું તે.૮૩

ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः ।

ब्रह्मविद्ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः ॥ ८४ ॥

૧ બ્રહ્મણ્યઃ-બ્રાહ્મણ, વેદ અને ગાયની રક્ષા કરનારા, ૨ બ્રહ્મકૃતઃ-તપશ્ચર્યા આદિક કર્મમાર્ગ બાંધનારા, ૩ બ્રહ્માઃ-સૃષ્ટિકર્ત્તા, ૪ બ્રહ્મઃ-સત્ય, જ્ઞાન અને અનંતમૂર્ત્તિ, ૫ બ્રહ્મવિવર્ધનઃ-તપશ્ચર્યા આદિકની વૃદ્ધિ કરનારા, ૬ બ્રહ્મવિતઃ-વેદ અને

તેના અર્થને યથાર્થ રીતે જાણનારા, બ્રહ્મને જાણનારા, ૭ બ્રાહ્મણઃ—સર્વ વસ્તુને બ્રહ્મરૂપે પ્રત્યક્ષ કરનારા, બ્રાહ્મણ સ્વરૂપ, ૮ બ્રહ્મીઃ—બ્રહ્મ નામધારી, ૯ બ્રહ્મજ્ઞઃ—બ્રહ્મવેત્તા, ૬૭૦ બ્રાહ્મણપ્રિયઃ—બ્રાહ્મણ જેને પ્રિય છે એવા અર્થાત્ બ્રાહ્મણ ઉપર પ્રેમ રાખનારા.[૮૪]

महाक्रमो महाकर्मा महातेजा महोरगः ।
महाक्रतुर्महायज्वा महायज्ञो महाहविः ॥ ८५ ॥

૧ મહાક્રમઃ—મોટાં પગલાં ભરનારા, ૨ મહાકર્માઃ—મોટાં કામ કરનારા, ૩ મહાતેજાઃ—મોટા તેજસ્વી, ૪ મહોરગઃ—વાસુકીરૂપ, ૫ મહાક્રતુઃ—મોટા યજ્ઞરૂપ જેમકે અશ્વમેધ, ૬ મહાયજ્વાઃ—લોકની સ્થિતિ જાળવવા માટે મોટા મોટા યજ્ઞો કરનારા, ૭ મહાયજ્ઞઃ—મોટા યજ્ઞરૂપ, ૮ મહાહવિઃ—સર્વ જગતરૂપી મોટું બળિદાન બ્રહ્માત્મા વિષે હોમાય છે તેથી મહાહવિરૂપ.[૮૫]

स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोता रणप्रियः ।
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ॥ ८६ ॥

૯ સ્તવ્યઃ—સર્વેને સ્તુતિ કરવા યોગ્ય, ૬૮૦ સ્તવપ્રિયઃ—જેને સ્તુતિ પ્રિય છે તે, ૧ સ્તોત્રંઃ—પોતે

જ ગુણકીર્તનરૂપ સ્તોત્ર, ૨ સ્તુતઃ-પોતેજ સ્તુતિ ક્રિયારૂપ, ૩ સ્તોતાઃ-સ્તુતિ કરનારા પણ પોતેજ, ૪ રણપ્રિયઃ-રણ ઉપર પ્રેમ રાખનારા, ૫ પૂર્ણઃ-સર્વ કામનાથી પૂર્ણ, ૬ પૂરયિતાઃ-સર્વ કામનાને પૂરનારા, ૭ પુણ્યઃ-પુણ્યમૂર્તિ, ૮ પુણ્યકીર્તિઃ-પવિત્ર કીર્તિવાળા, ૯ અનામયઃ-આરોગ્યવાળા, સર્વ પ્રકારના રોગથી મુક્ત.[૮૬]

मनोजवस्तीर्थकरो वसुरेता वसुप्रदः ।
वसुप्रदो वासुदेवो वसुर्वसुमना हविः ॥ ८७ ॥

૬૯૦ મનોજવઃ-મન જેવા વેગવાળા, ૧ તીર્થકરઃ-ચૌદ વિદ્યાનો તથા લૌકિક વિદ્યાનો ઉપદેશ આપનારા તથા રચનારા, ૨ વસુરેતાઃ-સુવર્ણ જેનું વીર્ય છે એવા, ૩ વસુપ્રદઃ-ધન આપનારા, ૪ વસુપ્રદઃ-ભક્તોને મોક્ષરૂપી ધન આપનારા, ૫ વાસુદેવ-વસુદેવના પુત્ર, ૬ વસુઃ-માયાવડે પોતાનાં સ્વરૂપને ઢાંકનારા, અથવા જેના વિષે સર્વ પ્રાણી-પ્રાણ-વસુ રહે છે તે, ૭ વસુમનાઃ-સર્વ વસ્તુમાં વસવા માટે ઇચ્છાવાળા અર્થાત્ પરબ્રહ્મરૂપ, ૮ હવિઃ-બળિરૂપ.[૮૭]

सद्गतिः सत्कृतिः सत्ता सद्भूतिः सत्परायणः ।
शूरसेनो यदुश्रेष्ठः सन्निवासः सुयामुनः ॥ ८८ ॥

૯ સદ્ગતિઃ-સત્પુરુષોની ગતિરૂપ, ૭૦૦ સત્કૃતિઃ-જગતની ઉત્પત્તિ આદિ સત્કાર્ય કરનારા, જેનાં કર્મ ઉત્તમ છે તે, ૧ સત્તાઃ-સજાતીય વિજાતીય સ્વગતભેદથી રહિત, અનુભવ મૂર્ત્તિ અથવા તો સર્વત્ર વિદ્યમાનપણાથી સત્તારૂપ, ૨ સદ્ભૂતિઃ-ઉત્તમ વિભૂતિરૂપ અથવા તો સર્વના આત્મારૂપ, ૩ સત્પરાયણઃ-સત્યને જાણનાર પુરુષોનું ઉત્તમ નિવાસસ્થાન, ૪ શૂરસેનઃ-શૂરવીરોની સેનાવાળા, ૫ યદુશ્રેષ્ઠઃ-યાદવ વંશમાં શ્રેષ્ઠ, ૬ સન્નિવાસઃ-વિદ્વાનોના અથવા સત્યના આશ્રયરૂપ, ૭ સુયામુનઃ-યમુનાના વિષને હરીને તેને નિર્મળ કરનારા અથવા તો ગોપાળનો વેષ ધરનારા યમુનાના કિનારા ઉપર રહેનારા બ્રહ્માદિક દેવો જેને પીરસનારા છે તે, યમુના કિનારે આનંદથી ખેલનારા.૮૮

भूतावासो वासुदेवः सर्वासुनिलयोऽनलः ।
दर्पहा दर्पदो दृप्तो दुर्धरोऽथापराजितः ॥ ८९ ॥

૮ ભૂતાવાસઃ-પ્રાણીઓના મુખ્ય નિવાસસ્થાનરૂપ, ૯ વાસુદેવઃ-માયાવડે જગતનું આચ્છાદન કરનારા, ૭૧૦ સર્વાસુનિલયઃ-સર્વ પ્રાણોના નિ-

વાસસ્થાન, ૧ અનલઃ-અઢળક બળસંપત્તિવાળા, જેની ક્ષુધા શાંત થઈ જ નથી એવા, ૨ દર્પહાઃ-પાખંડીઓના ગર્વનો નાશ કરનારા, ૩ દર્પદઃ-પાપીઓના ગર્વનો નાશ કરનારા અથવા ધર્મ માર્ગમાં વર્તનારા ભક્તજનોને ગર્વ આપનારા, ૪ દૃપ્તઃ-નિત્ય હર્ષમાં મગ્ન, ૫ દુર્ધરઃ-મહાકષ્ટવડે હૃદયમાં ધારી શકાય તેવા, ૬ અપરાજિતઃ-ક્યાંઈ પણ ન હારેલા.[૮૯]

विश्वमूर्तिर्महामूर्तिर्दीप्तमूर्तिरमूर्तिमान् ।

अनेकमूर्तिरव्यक्तः शतमूर्तिः शताननः ॥ ९० ॥

૭ વિશ્વમૂર્તિઃ-વિશ્વરૂપ, વિરાટ્ સ્વરૂપ, ૮ મહામૂર્તિઃ-મોટી મૂર્તિવાળા, ૯ દીપ્તમૂર્તિઃ-જ્ઞાનતેજથી જેની મૂર્તિ પ્રકાશમાન થાય છે તે, ૭૨૦ અમૂર્તિમાન્ઃ-નિરાકાર, ૧ અનેકમૂર્તિઃ-અનેકમૂર્તિ, ૨ અવ્યક્તઃ-'આવા છે,' એમ ન જણાતા નિરાકાર, ૩ શતમૂર્તિઃ-સેંકડો મૂર્તિવાળા, ૪ શતાનનઃ-સેંકડો મુખવાળા.[૯૦]

एकोऽनेकः सवः कः किं यत्तत्पदमनुत्तमम् ।

लोकबंधुर्लोकनाथो माधवो भक्तवत्सलः ॥ ९१ ॥

૫ એકઃ-સજાતીય વિજાતીય ભેદથી રહિત

હોવાથી એક સ્વરૂપ, શ્રુતિ કહે છે કે, 'एकमेवाद्वितीयं ब्रह्म,' ૬ અનેકઃ–માયાને લીધે અનન્તરૂપ, ૭ સવઃ–જેમાં સોમ નામની ઔષધિનો રસ કાઢવામાં આવે છે તે યજ્ઞરૂપ, સંપૂર્ણ સુખરૂપ, ૮ કઃ–સુખ સ્વરૂપ, જે શોધનનો એક જ વિષય છે તે, ૯ કિમ્ઃ–સર્વ પુરુષાર્થરૂપ હોવાથી બ્રહ્મસ્વરૂપ, જેમાંથી આ સર્વ ઉત્પન્ન થયું છે તે, ૭૩૦ યત્ઃ–यतो वा इमानि भूतानि जायन्ते ઇત્યાદિ શ્રુતિઓમાં સ્વતઃસિદ્ધ વસ્તુને કહેનારા यत् શબ્દવડે જણાતા, ૧ તત્ઃ–જગતનો વિસ્તાર કરનારા પરબ્રહ્મરૂપ, જે માત્ર તત્–ને નામે ઓળખાય છે તે, ૨ અનુત્તમપદઃ–મુમુક્ષુઓએ પામવા યોગ્ય સર્વોત્કૃષ્ટ સ્થાન, ૩ લોકબંધુઃ–જગતના બંધુ, ૪ લોકનાથઃ–લોકના સ્વામી, ૫ માધવઃ–મધુકુળમાં જન્મેલા, ૬ ભક્તવત્સલઃ–ભક્ત જનના ઉપર પ્રેમ રાખનારા,[૯૧]

सुवर्णवर्णो हेमांगो वरांगश्चंदनांगदी ।
वीरहा विषमः शून्यो घृताशीरचलश्चलः ॥ ९२ ॥

૭ સુવર્ણવર્ણઃ–સુવર્ણ જેવા પીળા રંગવાળા, ૮ હેમાંગઃ–સુવર્ણના જેવાં ચળકતાં અંગવાળા, ૯ વરાંગઃ–સુંદર અંગવાળા, ૭૪૦ ચંદનાંગદીઃ

ચંદનથી અર્ચેલા બાજુબંધવાળા, ૧ વીરહા:–ધર્મના રક્ષણ માટે વીર પુરુષોનો નાશ કરનારા, ૨ વિષમ:–સર્વથી વિલક્ષણ, જેની સમાન કોઈ નથી તે, ૩ શૂન્ય:–સર્વ વિશેષથી રહિત હોવાથી શૂન્ય, ૪ ઘૃતાશી:–ભક્તજનોની પ્રાર્થનાને ગ્રહણ કરનારા, અને અઘૃતાશી એવા પદમાં કોઇની પણ પ્રાર્થના ન કરનારા, ૫ અચલ:–સ્થિર, ૬ ચલ:–પવનરૂપે સર્વત્ર ગતિ કરનારા.[૯૨]

अमानी मानदो मान्यो लोकस्वामी त्रिलोकधृक् ।
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः ॥ ९३ ॥

૭ અમાની:–માનરહિત, ૮ માનદ:–અભિમાનીઓના માનનું ખંડન કરનારા, ભકતોને માન આપનારા, ૯ માન્ય:–સર્વને માન્ય, ૭૫૦ લોકસ્વામી:–ત્રણ લોકના અધિપતિ, ૧ ત્રિલોકધૃક્:–ત્રણ લોકને ધારણ કરનારા, ૨ સુમેધા:–સારી બુદ્ધિવાળા, ૩ મેધજ:– યજ્ઞમાં ઉત્પન્ન થનારા, ૪ ધન્ય:–ભાગ્યશાળી, ૫ સત્યમેધા:–સત્ય બુદ્ધિવાળા, જેની સ્મૃતિ અને જ્ઞાન કદિ ખોટાં હોતાં નથી તે, ૬ ધરાધર:–શેષ આદિથી પૃથિવીને ધારણ કરનારા.[૯૩]

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतांवरः ।

प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृंगो गदाग्रजः ॥ ९४ ॥

૭ તેજોવૃષઃ-નિત્ય આદિત્યરૂપે તેજ વર્ષનારા, ૮ દ્યુતિધરઃ-કાંતિવાળા, ૯ સર્વશસ્ત્રભૃતાંવરઃ-સર્વશસ્ત્ર ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ, ૭૬૦ પ્રગ્રહઃ-ભક્તોએ અર્પણ કરેલાં પત્ર, પુષ્પ વગેરે ગ્રહણ કરનારા, ૧ નિગ્રહઃ-સર્વ કામના અને શત્રુને નિગ્રહ કરનારા, ૨ વ્યગ્રઃ-અવિનાશી, ૩ નૈકશૃંગ-નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત, એ ચાર શિંગડાંવાળા, ૪ ગદાગ્રજઃ-ગદના મોટા બંધુ. ૯૪

चतुर्मूर्तिश्चतुर्बाहुश्चतुर्व्यूहश्चतुर्गतिः ।

चतुरात्मा चतुर्भावश्चतुर्वेदविदेकपात् ॥ ९५ ॥

૫ ચતુર્મૂર્ત્તિઃ-વિરાટ્, સૂત્રાત્મા, પ્રાકૃત અને તુરીયાત્મા, એમ ચાર મૂર્ત્તિ, ૬ ચતુર્બાહુઃ-ચતુર્ભુજરૂપ, ૭ ચતુર્વ્યૂહઃ-પુરુષચ્છંદ, પુરુષ, વેદપુરુષ અને મહાપુરુષ એમ ચાર વ્યૂહવાળા, ૮ ચતુર્ગતિઃ-ચાર આશ્રમની અને ચાર વર્ણની ગતિરૂપ એટલે આશ્રયરૂપ, ૯ ચતુરાત્માઃ-મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત આ ચારરૂપે પ્રકાશતા, ૭૭૦ ચતુર્ભાવઃ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા

ચાર ભાવવાળા, ૧ ચતુર્વેદવિદ્:-ચાર વેદ જાણ-નારા, ૨ એકપાદ્:-એક ચરણવાળા, શ્રુતિ કહે છે કે, पादोऽस्य विश्वाभूतानि, પોતાની અનંત શક્તિમાં જેનું માત્ર એક જ પાદ કિરણ જણાયું છે એવા.[૯૫]

समावर्त्तोऽनिवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ।
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥ ९६ ॥

૩ સમાવર્ત્તઃ-સંસારચક્રને ચલાવનારા, ૪ અનિવૃત્તાત્માઃ-સર્વત્ર હોવાથી નિવૃત્તિવાળો નથી આત્મા જેનો એવા, ૫ દુર્જયઃ-કોઇથી જિતી શકાય નહિ તેવા, ૬ દુરતિક્રમઃ-ઉલ્લંઘન કરી શકાય નહિ તેવી આજ્ઞાવાળા, ૭ દુર્લભઃ-ભક્તિ-વડે મળી શકે તેવા, દુર્લભ, ૮ દુર્ગમઃ-કષ્ટવડે જેની પાસે જવાય અર્થાત્ જાણી શકાય તેવા, ૯ દુર્ગઃ-દુઃખે કરીને મળી શકે તેવા, ૭૮૦ દુરા-વાસઃ-સમાધિવડે યોગીઓથી જાણી શકાય તેવા, અંતરમાં મુશ્કેલીથી આણી શકાય તેવા, ૧ દુરા-રિહાઃ-દુષ્ટ દૈત્યોનો નાશ કરનારા.[૯૬]

शुभांगो लोकसारंगः सुतंतुस्तंतुवर्धनः ।
इंद्रकर्मा महाकर्मा कृतकर्मा कृतागमः ॥ ९७ ॥

૨ શુભાંગઃ-સુંદર અંગવાળા, ૩ લોકસારંગઃ-

લોકના સારને ગ્રહણ કરનારા, ૪ સુતંતુઃ-સંસારતંતુનો સારી રીતે વિસ્તાર કરનારા, ૫ તંતુવર્ધનઃ-સંસારતંતુને વધારનારા, ૬ ઇંદ્રકર્માઃ-ઇંદ્રના જેવું કર્મ કરનારા, ૭ મહાકર્માઃ-પંચ મહાભૂતોને તથા મહાકર્મોને કરનારા, ૮ કૃતકર્માઃ-કામ કરનારા, ૯ કૃતાગમઃ-વેદ શાસ્ત્રને રચનારા.[૯૭]

उद्भवः सुंदरः सुंदो रत्ननाभः सुलोचनः ।
अर्को वाजसनः शृंगी जयंतः सर्वविज्जयी ॥ ९८ ॥

૭૯૦ ઉદ્ભવઃ-જન્મરહિત અથવા તો ઉત્કૃષ્ટ જન્મવાળા, ૧ સુન્દરઃ-વિશ્વ કરતાં પણ વિશેષ શોભાવાળા, ૨ સુંદઃ-કરુણાશાળી, ૩ રત્નનાભઃ-રત્ન જેવી સુંદર નાભિવાળા, ૪ સુલોચનઃ-સુંદર નેત્રવાળા, ૫ અર્કઃ-બ્રહ્માદિક પૂજ્ય પુરુષોએ પૂજવા યોગ્ય અથવા સૂર્ય મૂર્તિ, ૬ વાજસનઃ-યાચકોને અન્ન આપનારા, ૭ શૃંગીઃ-મત્સ્યાવતારમાં શૃંગવાળા, ૮ જયંતઃ-શત્રુઓનો પરાજય કરનારા, ૯ સર્વવિદ્ઃ-સર્વવેત્તા તથા જયી-સર્વનો વિજય કરનારા.[૯૮]

सुवर्णबिंदुरक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः ।
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥ ९९ ॥

૮૦૦ સુવર્ણબિન્દુઃ-સુંદર વર્ણવાળા અને અનુસ્વારવાળા મંત્રરૂપ, ૧ અક્ષોભ્યઃ-વૈરયોથી તિરસ્કારી શકાય નહિ તેવા, ૨ સર્વવાગીશ્વરેશ્વરઃ-સર્વ બ્રહ્માદિ વાચાના ઈશ્વરોના પણ ઈશ્વર, ૩ મહાહ્રદઃ-આનંદરૂપી મોટા ધરામાં લીન રહેનારા, ૪ મહાગર્તઃ-મોટા ખાડાના જેવી દુસ્તર માયાવાળા, ૫ મહાભૂતઃ-ત્રણ કાળે પણ જેનું સ્વરૂપ જણાય નહિ એવા મોટા ભૂતરૂપ, ૬ મહાનિધિઃ-સર્વ પ્રાણીઓનો જેમાં લય થાય છે એવા એક મોટા નિધિરૂપ.૯૯

कुमुदः कुंदरः कुंदः पर्जन्यः पावनोऽनिलः ।
अमृतांशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥ १०० ॥

૭ કુમુદઃ-પૃથ્વીના ભારને ઉતારીને તેને રંજન કરનારા, ૮ કુન્દરઃ-કુંદ પુષ્પના સમાન શુદ્ધ ફળો આપનારા, ૯ કુન્દઃ-સ્ફટિક મણિના જેવા નિર્મળ અથવા તો કશ્યપને પૃથ્વી દેનારા, ૮૧૦ પર્જન્યઃ-મેઘની પેઠે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ નામના ત્રણ તાપને ટાળનારા, ૧ પાવનઃ-સ્મરણ માત્રમાં પવિત્ર કરનારા, ૨ અનિલઃ-નિત્ય જાગ્રત રહેનારા, ૩ અમૃતાંશઃ-

જ્ઞાનરૂપી અમૃતનું ભોજન કરનારા, ૪ અમૃતવપુઃ-અવિનાશી શરીરવાળા, ૫ સર્વજ્ઞઃ-સર્વને જાણનારા, ૬ સર્વતોમુખઃ-સર્વત્ર મુખવાળા.[૧૦૦]

सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ।
न्यग्रोधोदुंबरोऽश्वत्थश्चाणूरांध्रनिषूदनः ॥ १०१ ॥

૭ સુલભઃ-સુખથી મળી શકે તેવા, ૮ સુવ્રતઃ-સુંદર વ્રત આચરનારા, ૯ સિદ્ધઃ-સિદ્ધિઓને સંપાદન કરનારા, ૮૨૦ શત્રુજિત્ઃ-શત્રુને જિતનારા, ૧ શત્રુતાપનઃ-શત્રુને તપાવનારા, ૨ ન્યગ્રોધઃ-વટમૂર્ત્તિ, ૩ ઉદુંબરઃ-ઉંબરાનાં સ્વરૂપવાળા, ૪ અશ્વત્થઃ-પિપળરૂપ, ૫ ચાણુરાંધ્રનિષૂદનઃ-ચાણુર નામના આંધ્ર દેશવાસી દૈત્યનો નાશ કરનાર.[૧૦૧]

सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ।
अमूर्त्तिरनघोऽचिंत्यो भयकृद्भयनाशनः ॥ १०२ ॥

૬ સહસ્રાર્ચિઃ-હજારો જ્વાળાવાળા, ૭ સપ્તજિહ્વઃ-કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, ધુમ્રવર્ણા, સ્ફુલિંગિનિ અને વિશ્વરુચિ એવાં નામની સાત જીભવાળા, ૮ સપ્તૈધાઃ-સાત જિહ્વાવડે સર્વનું ભક્ષણ કરનારા, ૯ સપ્તવાહનઃ-સાત ઘો-

ડાવાળા, ૮૩૦ અમૂર્ત્તિઃ-નિરાકાર, ૧ અનઘઃ-દોષરહિત, ૨ અચિંત્યઃ-વિચારમાં આવી શકે નહિ તેવા, ૩ ભયકૃતઃ-દુષ્ટોને ભય કરનારા, ૪ ભયનાશનઃ-ભક્તોના ભયનો નાશ કરનારા.[૧૦૨]

अणुर्बृहत्कृशः स्थूलो गुणभृन्निर्गुणो महान् ।
अधृतः स्वधृतः स्वास्यः प्राग्वंशो वंशवर्धनः ॥१०३॥

૫ અણુઃ-સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મમૂર્ત્તિ, ૬ બૃહતઃ-મહામૂર્ત્તિ, ૭ કૃશઃ-સૂકાયેલા, ૮ સ્થૂલઃ-સર્વ બ્રહ્માંડમૂર્ત્તિ, ૯ ગુણભૃતઃ-ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માટે સત્વ, રજ અને તમોગુણને ધારણ કરનારા, ૮૪૦ નિર્ગુણઃ-ગુણરહિત, ૧ મહાનઃ-નિર્ગુણ, નિરતિશય તથા સૂક્ષ્મ હોવાથી મહત્તાવાળા, ૨ અધૃતઃ-આધારભૂત પૃથિવી આદિકને ધારણ કરનારા, અથવા કોઇથી ધરાય નહિ તેવા, ૩ સ્વધૃતઃ-પોતાના આત્માવડે પોતાને ધારણ કરનારા, ૪ સ્વાસ્યઃ-સુંદર મુખવાળા અથવા તો પુરુષાર્થનો ઉપદેશ કરવા માટે મુખમાંથી વેદરાશિને ઉત્પન્ન કરનારા, ૫ પ્રાગ્વંશઃ-યજ્ઞ કરનારાઓની પૂર્વ તરફ મુખવાળી વિશ્રામશાળા તે રૂપ,

અથવા પૌર્વાત્ય પ્રદેશવાસી જેના વંશ છે તેવા, ૬ વંશવર્ધનઃ-વંશોને વધારનારા.[૧૦૩]

भारभृत्कथितो योगी योगीशः सर्वकामदः ।

आश्रमः श्रमणः क्षामः सुपर्णो वायुवाहनः ॥१०४॥

૭ ભારભૃત્ઃ-પૃથિવીના ભારને ધારણ કરનારા, ૮ કથિતઃ-વેદોમાં ગવાયલા, ૯ યોગીઃ-યોગધારી, ૮૫૦ યોગીશઃ-યોગીઓના પતિ, ૧ સર્વકામદઃ-સર્વ કામનાને પૂરનારા અથવા તો સર્વ કામના (વાસના)નો નાશ કરનારા, ૨ આશ્રમઃ-સંસારરૂપી અરણ્યમાં ભટકતાં પ્રાણીઓના, દુઃખીજનોના વિશ્રામરૂપ, ૩ શ્રમણઃ-અવિવેકીઓને સંતાપનારા અથવા સ્વર્ગમાં ફળ ભોગવી પાછો જન્મ લેનાર યોગીઓને યોગ માર્ગે લગાડનારા, ૪ ક્ષામઃ-સર્વ પાપીઓનો ક્ષય કરનારા, અથવા યોગીઓનાં પુણ્ય કર્મનો ક્ષય થતાં તેમને શક્તિ આપનારા, ૫ સુપર્ણઃ-સુંદર પાંખવાળા અથવા તો વેદરૂપી પાંખવાળા, ૬ વાયુવાહનઃ-વાયુને પણ ગતિમાન્ કરનારા.[૧૦૪]

धनुर्धरो धनुर्वेदो दंडो दमयिता दमः ।

अपराजितः सर्वसहो नियंता नियमो यमः ॥१०५॥

૭ ધનુર્ધરઃ–ધનુર્ધારી, ૮ ધનુર્વેદઃ–ધનુર્વિદ્યા જાણનારા, ૯ દંડઃ–શિક્ષામૂર્તિ, ૮૬૦ દમયિતાઃ–વૈવસ્વત આદિ રાજાઓરૂપે શિક્ષા કરનારા, ૧ દમઃ–શિક્ષા કરવા યોગ્યને દમનારા, અથવા શિક્ષાનો અમલ કરનારા, ૨ અપરાજિતઃ–શત્રુઓથી પરાજય પામે નહિ એવા, અર્થાત્ સમર્થ, ૩ સર્વસહુઃ–સર્વને સહન કરનારા, સર્વ કાર્ય કરનારા, ૪ નિયંતાઃ–નિયમમાં રાખનારા, ધર્માનુસાર સર્વ પાસે કાર્ય કરાવનારા, ૫ નિયમઃ–યોગના અંગરૂપ અથવા તો 'અનિયમ' કહેતાં સર્વતંત્ર–સ્વતંત્ર, ૬ યમઃ–યોગના અંગરૂપ અથવા તો સર્વને નિયમમાં રાખનારા, અથવા 'અયમ' કહેતાં જેનો અંત લાવવાને કોઈ યમ નથી તેવા.૧૦૫

सत्ववान् सात्त्विकः सत्यः सत्यधर्मपरायणः ।
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः ॥१०६॥

૭ સત્વવાન્ઃ–શૌર્ય વગેરે સત્વવાળા, ૮ સાત્વિકઃ–સત્વગુણમાં વસનારા, ૯ સત્યઃ–સાધુ પુરુષોના ઉપર કૃપા કરનારા સત્યસ્વરૂપ, ૮૭૦ સત્યધર્મપરાયણઃ–સત્ય અને ધર્મ વિષે પરાયણ, ૧ અભિપ્રાયઃ–પુરુષના અભિપ્રાયરૂપ અથવા

મુમુક્ષુ પુરુષોથી ઇચ્છાતા, ૨ પ્રિયાર્હઃ–ભકતોની અર્પેલી પ્રિયવસ્તુને યોગ્ય, ૩ અર્હઃ–પૂજાને યોગ્ય, ૪ પ્રિયકૃત્ઃ–ભકતોનું ભલું કરનારા, ૫ પ્રીતિવર્દ્ધનઃ–પ્રીતિને વધારનારા.[૧૦૬]

विहायसगतिर्ज्योतिः सुरुचिर्हुतभुग्विभुः ।
रविर्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥ १०७ ॥

૬ વિહાયસગતિઃ–આકાશચારી, ૭ જ્યોતિઃ–સ્વયંપ્રકાશ, ૮ સુરુચિઃ–સુંદર કાંતિવાળા, ૯ હુતભુક્ઃ–યજ્ઞોમાં દેવોને ઉદ્દેશીને નાંખેલાં બળિને અગ્નિરૂપે ખાનારા, ૮૮૦ વિભુઃ–વ્યાપક, સર્વશક્તિમાન્, ૧ રવિઃ–પૃથ્વીની શરદી શોષનારા સૂર્ય, ૨ વિરોચનઃ–વિવિધ પ્રકારે પ્રકાશ કરનારા, અથવા વિવિધ પ્રકારની ઇચ્છાવાળા, ૩ સૂર્યઃ–લક્ષ્મીને (શોભાદેવીને) ઉત્પન્ન કરનારા, સર્વ પદાર્થને બહાર કાઢનારા, ૪ સવિતાઃ–સર્વ જગતના ઉત્પન્ન કરનારા, ૫ રવિલોચનઃ–સૂર્ય છે નેત્ર જેનાં એવા.[૧૦૭]

अनंतो हुतभुग् भोक्ता सुखदोऽनैकजोऽग्रजः ।
अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठानमद्भुतः ॥१०८॥

૬ અનંતઃ–છેડા રહિત, ૭ હુતભુક્ઃ–હુતદ્રવ્યને

ખાનારા, ૮ ભોક્તા:–મનરૂપ પ્રકૃતિ અથવા માયાના ભોક્તા, ૯ સુખદ:–ભક્તોને સુખ આપનારા, ૮૯૦ નૈકજ:–ધર્મરક્ષા માટે અનંતવાર જન્મ લેનારા, ૧ અગ્રજ:–હિરણ્યગર્ભરૂપાદિ મૂર્ત્તિ, શ્રુતિ કહે છે કે, हिरण्यगर्भः समवर्त्तताग्रे, જન્મેલાઓમાં પ્રથમ જન્મેલા, ૨ અનિર્વિણ્ણ:–પૂર્ણ કામનાવાળા હોવાથી ખેદ વિનાના, ૩ સદામર્ષી:–સત્પુરુષોના ઉપર ક્ષમા કરનારા, ૪ લોકાધિષ્ઠાન:–લોકોના આધારભૂત બ્રહ્મમૂર્ત્તિ, ૫ અદ્‌ભુત:–સર્વથી વિલક્ષણ, આશ્ચર્યરૂપ. ગીતામાં પોતે જ કહે છે કે, 'आश्चर्यवत्पश्यति कश्चिदेनम,' આ વચન પ્રમાણે છે.૧૦૮

सनात्सनातनतमः कपिलः कपिरव्ययः ।
स्वस्तिदः स्वस्तिकृत्स्वस्ति स्वस्तिभुक्
स्वस्तिदक्षिणः ॥ १०९ ॥

૬ સનાત્:–નિત્ય પુરાણ પુરુષ, કાળના આરંભથી અસ્તિત્વવાળા, ૭ સનાતનતમ:–બ્રહ્મા આદિક પુરાણ દેવો કરતાં પણ વધારે પુરાણ અને નિત્ય પુરુષ, ૮ કપિલ:–સાંખ્યશાસ્ત્ર રચનારા કપિલમૂર્ત્તિ, જેનો વર્ણ પિંગળો છે તે, ૯ કપિ:–વરાહનું

રૂપ ધારણ કરનારા, ૯૦૦ અવ્યયઃ–અવિનાશી, સર્વ વસ્તુઓનો ક્ષય થતાં જેનો ક્ષય નથી તે, ૧ સ્વસ્તિદઃ–ભકતોનું કલ્યાણ કરનારા, ૨ સ્વસ્તિકૃતઃ–સર્વનું કલ્યાણકર્તા, ૩ સ્વસ્તિઃ–કલ્યાણમૂર્ત્તિ, ૪ સ્વસ્તિભુક્‌ઃ–કલ્યાણના ભોક્તા, ૫ સ્વસ્તિદક્ષિણઃ–કલ્યાણ કરનારા, સમર્થ અથવા તો શીઘ્રતાથી કલ્યાણ કરનારા. ૧૦૯

अरौद्रः कुंडली चक्री विक्रम्यूर्जितशासनः ।
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥ ११० ॥

૬ અરૌદ્રઃ–રાગદ્વેષથી રહિત હોવાને લીધે શાંતમૂર્ત્તિ, ૭ કુંડલીઃ–કુંડલ ધારણ કરનારા, અથવા શેષ નાગના કુંડલોમાં રહેનારા, ૮ ચક્રીઃ–ચક્ર ધારણ કરનારા, ૯ વિક્રમીઃ–મહાપરાક્રમવાળા, ૯૧૦ ઊર્જિતશાસનઃ–શ્રેષ્ઠ આજ્ઞાવાળા, જેનો અમલ શ્રુતિ-સ્મૃતિની આજ્ઞાનુસાર ચાલે છે તે, ૧ શબ્દાતિગઃ–શબ્દોથી બોલી શકાય નહિ તેવા, અર્થાત્ જેનું નામ કે મહિમા કહેવાને શબ્દ સમર્થ નથી તેવા, ૨ શબ્દસહઃ–સર્વે વેદો જેનો મહિમા ગાય છે તેવા, ૩ શિશિરઃ–ત્રણ તાપથી પીડાતાની શાંતિ કરનારા, ૪શર્વરીકરઃ–

સંસારીઓને આત્મજ્ઞાન રાત્રિ છે અને યોગીઓને સંસાર રાત્રિ છે, આ બન્નેની રાત્રિને કરનારા, અથવા અંધકારનો નાશ કરનારા, શરીરીઓમાં રહેનારા અથવા તેવાં શરીર કરનારા.[110]

अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणांवरः ।
विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥ १११ ॥

૫ અક્રૂરઃ–ક્રૂરતારહિત, કોમળ, ૬ પેશલઃ–મન, વાણી તથા કર્મવડે સર્વ કાર્ય કરવામાં કુશળ, ૭ દક્ષઃ–અલ્પ સમયમાં સર્વ કાર્ય કરવાની શક્તિવાળા, કાર્યકુશળ, ૮ દક્ષિણઃ–કાર્યકુશળ અથવા તો શત્રુનો સંહાર કરનારા, ૯ ક્ષમિણાંવરઃ–ક્ષમાવંતોમાં ઉત્તમ, ૯૨૦ વિદ્વત્તમઃ–મહાવિદ્યાવાળા વિદ્વાનોમાં ઉત્તમ, ૧ વીતભયઃ–ભયથી રહિત, ૨ પુણ્યશ્રવણકીર્ત્તનઃ–જેમનાં નામનું શ્રવણ, કીર્ત્તન પવિત્ર છે એવા.[111]

उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशनः ।
वीरहा रक्षणः संतो जीवनः पर्यवस्थितः ॥ ११२ ॥

૩ ઉત્તારણઃ–સંસારસાગરમાંથી તારનારા, ૪ દુષ્કૃતિહાઃ–પાપનો નાશ કરનારા, ૫ પુણ્યઃ–શ્રુતિ, સ્મૃતિ આદિથી પુણ્યનો ઉપદેશ કરનારા, પુણ્ય–

રૂપ, ૬ દુઃસ્વપ્નનાશનઃ-દુષ્ટ સ્વપ્નનો નાશ કરનારા, ૭ વીરહાઃ-શૂરવીર એવા દૈત્યોનો નાશ કરનારા, અથવા મોક્ષમાર્ગે જનારાઓ માટે સર્વ પાપમાર્ગોનો નાશ કરનારા, ૮ રક્ષણઃ-સત્વ ગુણમાં રહીને સર્વની રક્ષા કરનારા, ૯ સંતઃ-લોકોને શિક્ષા આપવા માટે સન્માર્ગે વર્તીને તેનો ધડો બેસાડનારા, ૯૩૦ જીવનઃ-પ્રાણરૂપે સર્વને જીવાડનારા, ૧ પર્યવસ્થિતઃ-વિશ્વમાં ચોતરફથી વ્યાપી રહેલા.૧૧૨

अनंतरूपोऽनंतश्रीर्जितमन्युर्भयापहः ।

चतुरस्रो गभीरात्मा विदिशो व्यादिशो दिशः ॥११३॥

૨ અનંતરૂપઃ-અસંખ્ય રૂપ ધારણ કરનારા, ૩ અનંતશ્રીઃ-અપાર શોભાવાળા, ૪ જિતમન્યુઃ-ક્રોધનો વિજય કરનારા, ૫ ભયાપહઃ-ભક્તના ભયનો નાશ કરનારા, ૬ ચતુરસ્રઃ-ચાર વેદો જેના ચાર ખૂણા છે એવા અથવા તો મંગળમૂર્ત; મનસા, વાચા અને કર્મથી કાર્ય કરનારાને યોગ્ય ફળ આપનારા, ૭ ગભીરાત્માઃ-ગંભીર સ્વરૂપવાળા, માપવામાં આવે નહિ તેવા આત્માવાળા, ૮ વિદિશઃ-અધિકારીઓને વિશેષે કરીને જૂદાં

જૂદાં ફળો આપનારા, ૯ વ્યાદિશઃ-ઇંદ્રાદિક દેવોને વિવિધ આજ્ઞા કરનારા, ૯૪૦ દિશઃ-દિક્પાલ-મૂર્ત્તિ, દરેક કર્મને યોગ્ય ફળ આપનારા.[૧૧૩]

अनादिर्भूर्भुवोलक्ष्मीः सुवीरो रुचिरांगदः ।

जननो जनजन्मादिर्भीमो भीमपराक्रमः ॥ ११४ ॥

૧ અનાદિઃ-જેનો કોઈ પણ આદિ નથી તેવા, ૨ ભૂઃ-આધારભૂત પૃથ્વીરૂપ, સર્વના આધારભૂત, ૩ ભુવોલક્ષ્મીઃ-પૃથ્વીની શોભારૂપ, જેની સમીપ નિત્ય લક્ષ્મી રહે છે તે, ૪ સુવીરઃ-સારા સુભટ અથવા તો વિવિધ પ્રકારની ગતિવાળા, ૫ રુચિરાંગદઃ-સુંદર બાજુબંધવાળા, ૬ જનનઃ-પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનારા, ૭ જન્માદિઃ-મનુષ્યોની ઉત્પત્તિના કારણરૂપ, ૮ ભીમઃ-પાપીઓને ભયંકર, ૯ ભીમપરાક્રમઃ-ભયંકર પરાક્રમવાળા.[૧૧૪]

आधारनिलयो धाता पुष्पहासः प्रजागरः ।

ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः ॥११५॥

૯૫૦ આધારનિલયઃ-પૃથિવી આદિ પંચમહાભૂતોના આધારસ્થાન, ૧ ધાતાઃ-સંહાર વેળા સર્વનું પાલન કરનારા અથવા તો ધારણ કરનારા, ગળી જનારા, ૨ પુષ્પહાસઃ-પુષ્પના જેવું શ્વેત

હાસ્ય કરનારા અથવા તો મુકુલરૂપે રહેલાં પુષ્પોના હાસ્યની પેઠે પ્રપંચરૂપે સૌને હસાવનારા, ૩ પ્રજાગરઃ-નિરંતર જાગૃત રહેનારા, ૪ ઊર્ધ્વગઃ-સર્વની ઉપર રહેનારા, સર્વથી ઉચ્ચ ગતિવાળા, ૫ સત્પથાચારઃ-સન્માર્ગ ઉપર આચરણ કરનારા, ૬ પ્રાણદઃ-પરીક્ષિત જેવાને પ્રાણ આપનારા અર્થાત્ જીવાડનારા, ૭ પ્રણવઃ-ૐકારરૂપ, ૮ પણઃ-ધર્મ કાર્યનો વ્યવહાર કરનારા.[૧૧૫]

प्रमाणं प्राणनिलयः प्राणभृत्प्राणजीवनः ।
तत्त्वं तत्त्वविदेकात्मा जन्ममृत्युजरातिगः ॥११६॥

૯ પ્રમાણંઃ-પ્રમાણમૂર્તિ, પરમાત્માવિષે સત્ય કહેનારા પ્રમાણભૂત, ૯૬૦ પ્રાણનિલયઃ-પ્રાણાદિકના આધારભૂત, ૧ પ્રાણભૃતઃ-દશ પ્રાણોનું પોષણ કરનારા, અન્નરૂપ, ૨ પ્રાણજીવનઃ-પ્રાણીઓને દશ પ્રાણોવડે જીવાડનારા, ૩ તત્ત્વંઃ-તત્ત્વમૂર્તિ, તત્ત્વજ્ઞાનની દરેક શાખાનાં મૂળતત્ત્વરૂપ, ૪ તત્ત્વવિતઃ-તત્ત્વવેત્તા, ૫ એકાત્માઃ-એક આત્મારૂપ, ૬ જન્મમૃત્યુજરાતિગઃ-જન્મ, મૃત્યુ અને વૃદ્ધાવસ્થાનું ઉલ્લંઘન કરનારા.[૧૧૬]

भूर्भुवः स्वस्तरुस्तारः सविता प्रपितामहः ।
यज्ञो यज्ञपतिर्यज्वा यज्ञांगो यज्ञवाहनः ॥ ११७ ॥

૭ ભૂર્ભુવઃસ્વસ્તરુઃ–"ભૂર્ભુવઃસ્વઃ" ભૂઃ, ભુવઃ, અને સ્વઃ આ ત્રણ વ્યાહૃતિવડે હોમાદિકથી ત્રણ જગતનો ઉદ્ધાર કરનાર અથવા ભૂર્, ભુવર્ અને સ્વર્ગ લોકમાં વૃક્ષની પેઠે વ્યાપેલા, ૮ તારઃ–સંસારસાગરમાંથી તારનારા, અથવા તો ૐકારમૂર્તિ, ૯ સપિતાઃ–સર્વ લોકના પિતા, ૯૭૦ પ્રપિતામહઃ–બ્રહ્માના પણ પિતામહ, ૧ યજ્ઞઃ–યજ્ઞમૂર્તિ, ૨ યજ્ઞપતિઃ–યજ્ઞના અધિપતિ, ૩ યજ્વાઃ–યજમાન, ૪ યજ્ઞાંગઃ–યજ્ઞો જેનાં અંગો છે તે, ૫ યજ્ઞવાહનઃ–ફળ આપનારા યજ્ઞોને ગ્રહણ કરનારા.[૧૧૭]

यज्ञभृद्यज्ञकृद्यज्ञी यज्ञभुग्यज्ञसाधनः ।

यज्ञांतकृद्यज्ञगुह्यमन्नमन्नाद एव च ॥ ११८ ॥

૬ યજ્ઞભૃત્ઃ–યજ્ઞનું પોષણ કરનારા અથવા તો યજ્ઞનું રક્ષણ કરનારા, ૭ યજ્ઞકૃત્ઃ–દક્ષના યજ્ઞનો નાશ કરનારા અથવા તો યુગના આરંભમાં યજ્ઞ કરનારા, ૮ યજ્ઞમૂર્તિઃ–યજ્ઞ કરનારાઓમાં યજ્ઞરૂપ, ૯ યજ્ઞભુક્ઃ–યજ્ઞનાં ફળના ભોક્તા, ૯૮૦ યજ્ઞસાધનઃ–યજ્ઞના સાધનરૂપ, ૧ યજ્ઞાંતકૃત્ઃ–યજ્ઞને અંતે ફળ આપનારા અથવા તો પૂર્ણાહુ-

તિના સ્વીકારથી યજ્ઞને સંપૂર્ણ કરનારા, ૨ યજ્ઞગુહ્યઃ-યજ્ઞમાં ગુપ્ત રહેનારા, બ્રહ્મસ્વરૂપ, નિરપેક્ષ કરેલ યજ્ઞસ્વરૂપ, ૩ અન્નં:-અન્નમૂર્તિ, ૪ અન્નાદઃ-અન્નનું ભક્ષણ કરનારા.[૧૧૮]

आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ।
देवकीनंदनः स्रष्टा क्षितीशः पापनाशनः ॥ ११९ ॥

૫ આત્મયોનિઃ-આત્માના ઉપાદાન કારણરૂપ, ૬ સ્વયંજાતઃ-સ્વયંભૂ, ૭ વૈખાનઃ-પાતાલવાસી હિરણ્યાક્ષનો નાશ કરવા માટે પૃથ્વીને ખોતરનારા, ૮ સામગાયનઃ-સામવેદનું ગાયન કરનારા, ૯ દેવકીનંદનઃ-દેવકીને આનંદ આપનારા, ૯૯૦ સ્રષ્ટાઃ-જગતને સરજનારા, ૧ ક્ષિતીશઃ-પૃથ્વીના પતિ, ૨ પાપનાશનઃ-ભક્તોના પાપનો નાશ કરનારા.[૧૧૯]

शंखभृन्नंदकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।
रथांगपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥ १२० ॥

૩ શંખભૃતઃ-શંખ ધારણ કરનારા, ૪ નંદકીઃ-જ્ઞાન અને માયાની નંદક નામની તરવાર ધારણ કરનારા, ૫ ચક્રીઃ-ચક્ર ધારણ કરનારા, યુગચક્રને ચલાવનારા, ૬ શાર્ઙ્ગધન્વાઃ-શાર્ઙ્ગ નામનું ધનુષ

ધરનારા, ૭ ગદાધરઃ-જ્ઞાનરૂપ ગદાને ધારણ કરનારા, ૮ રથાંગપાણિઃ-હાથમાં ચક્ર ધારણ કરનારા, ૯ અક્ષોભ્યઃ-નીડર-કોઇથી ક્ષુબ્ધ કરી શકાય નહી તેવા, ૧૦૦૦ સર્વ પ્રહરણાયુધઃ-સર્વ પ્રકારનાં શસ્ત્રો જેમનાં આયુધો છે એવા, અર્થાત્ પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ, સર્વ પ્રકારનાં આયુધો ધારણ કરનારા. ૐ તત્સત્ નમઃ[૧૨૦]

इतीदं कीर्तनीयस्य केशवस्य महात्मनः ।
नाम्नां सहस्रं दिव्यानामशेषेण प्रकीर्तितम् ॥ १२१ ॥

ઉપર પ્રમાણે કીર્તન કરવા યોગ્ય મહાત્મા શ્રીકેશવનાં દિવ્ય એવાં એક સહસ્ર નામ સંપૂર્ણ રીતે લોકોએ કહ્યાં છે.[૧૨૧]

य इदं शृणुयान्नित्यं यश्चापि परिकीर्तयेत् ।
नाशुभं प्राप्नुयात्किंचित्सोऽमुत्रेह च मानवः ॥ १२२ ॥

જે મનુષ્ય નિત્ય આ વિષ્ણુનાં સહસ્ર નામ સાંભળે અને જે માણસ તે ગાય, તે આ લોકમાં તથા પરલોકમાં અશુભ ગતિને પામતો નથી.[૧૨૨]

वेदांतगो ब्राह्मणः स्यात्क्षत्रियो विजयी भवेत् ।
वैश्यो धनसमृद्धः स्याच्छूद्रः सुखमवाप्नुयात् ॥ १२३ ॥

આ વિષ્ણુસહસ્રનામ સાંભળવાથી અથવા તો

તેનો પાઠ કરવાથી બ્રાહ્મણ વેદાંતના પારને પામે છે, ક્ષત્રિય યુદ્ધમાં વિજય મેળવે છે, વૈશ્ય વ્યાપારમાં ધન મેળવે છે, અને શૂદ્ર સુખ પામે છે.૧૨૩

धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थार्थी चार्थमाप्नुयात् ।
कामानवाप्नुयात्कामी प्रजार्थी प्राप्नुयात्प्रजाम् ॥१२४॥

ધર્મની ઇચ્છાવાળો ધર્મને મેળવે છે, અર્થની ઇચ્છાવાળો અર્થ મેળવે છે, કામનાવાળો કામનાને પામે છે, અને પ્રજાની ઇચ્છાવાળો પ્રજાને પામે છે.૧૨૪

भक्तिमान्यः सदोत्थाय शुचिस्तद्गतमानसः ।
सहस्रं वासुदेवस्य नाम्नामेतत्प्रकीर्तयेत् ॥ १२५ ॥

જે ભક્તિવાળો મનુષ્ય નિત્ય પ્રભાતમાં ઉઠી, સ્નાન કરી, પવિત્ર થઇ, મનમાં શ્રીવિષ્ણુનું ધ્યાન કરીને આ વાસુદેવનાં સહસ્ર નામનો પાઠ કરે છે.૧૨૫

यशः प्राप्नोति विपुलं ज्ञातिप्राधान्यमेव च ।
अचलां श्रियमाप्नोति श्रेयः प्राप्नोत्यनुत्तमम् ॥ १२६ ॥

તે મોટો યશ મેળવે છે, જ્ઞાતિમાં મહત્તા પામે છે, અચળ સંપત્તિ મેળવે છે અને ઉત્તમ પ્રકારનું સુખ મેળવે છે;૧૨૬

न भयं क्वचिदाप्नोति वीर्यं तेजश्च विंदति ।
भवत्यरोगो द्युतिमान्बलरूपगुणान्वितः ॥ १२७॥

તેમ જ તેને કોઈ પણ ઠેકાણે ભય રહેતો નથી, તે વીર્ય અને તેજને પામે છે, તથા આરોગ્યવાળો, કાંતિવાળો, બળવાળો, રૂપવાળો તથા ગુણવાળો થાય છે;[૧૨૭]

रोगार्तो मुच्यते रोगाद्बद्धो मुच्येत बंधनात् ।
भयान्मुच्येत भीतस्तु मुच्येतापन्न आपदः ॥ १२८ ॥

રોગાતુર રોગમાંથી મુક્ત થાય છે, સંસારબંધનમાં બંધાયલો બંધનમાંથી છૂટે છે, ભયભીત ભયમાંથી છૂટે છે અને દુઃખી આપત્તિમાંથી મુક્તિ મેળવે છે.[૧૨૮]

दुर्गाण्यतितरत्याशु पुरुषः पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण नित्यं भक्तिसमन्वितः ॥ १२९ ॥

જે પુરુષ ભક્તિસંપન્ન થઇને નિરંતર આ સહસ્રનામવડે શ્રી પુરુષોત્તમની સ્તુતિ કરે છે, તે તુરત દુઃખોમાંથી મુક્ત થાય છે.[૧૨૯]

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।
सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ॥१३०॥

જે મનુષ્ય વાસુદેવનો આશ્રય કરે છે તથા

તેમનું ધ્યાન કરવામાં પરાયણ રહે છે, તે સર્વ પાપથી છૂટો થઈ, શુદ્ધ અંતઃકરણવાળો થઈને સનાતન એવા પરબ્રહ્મને પામે છે.[૧૩૦]

न वासुदेवभक्तानामशुभं विद्यते क्वचित् ।
जन्ममृत्युजराव्याधिभयं नैवोपजायते ॥ १३१ ॥

શ્રી વાસુદેવના (વિષ્ણુના) ભક્તોનું કોઈ ઠેકાણે અશુભ થતું નથી, તેમ જ તેઓને જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિનો ભય પણ રહેતો જ નથી.[૧૩૧]

इमं स्तवमधीयानः श्रद्धाभक्तिसमन्वितः ।
युज्येतात्मा सुखक्षांतिश्रीधृतिस्मृतिकीर्तिभिः॥१३२॥

જે મનુષ્ય શ્રદ્ધાથી તથા ભક્તિથી આ વિષ્ણુ-સહસ્રનામના સ્તોત્રનો પાઠ કરે છે તે મનુષ્ય આત્મસુખ, ક્ષમા, લક્ષ્મી, ધૈર્ય, સ્મૃતિ અને કીર્તિ સંપાદન કરે છે.[૧૩૨]

न क्रोधो न च मात्सर्यं न लोभो नाशुभा मतिः ।
भवंति कृतपुण्यानां भक्तानां पुरुषोत्तमे ॥ १३३ ॥

શ્રી પુરુષોત્તમ એવા વિષ્ણુના ભક્તો પુણ્યવાન્ હોય છે તેઓને કોઈ દિવસ ક્રોધ થતો નથી, ઇર્ષ્યા આવતી નથી, લોભ થતો નથી, તથા તેઓની અશુભ બુદ્ધિ પણ થતી નથી.[૧૩૩]

द्यौः सचंद्रार्कनक्षत्रा खं दिशो भूर्महोदधिः ।
वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः ॥ १३४ ॥

સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર તથા નક્ષત્રસહિત આકાશ, દશ દિશાઓ, પૃથ્વી અને મહાસાગર, આ સર્વેને મહાત્મા વાસુદેવના વીર્યથી ટકાવી રાખેલાં છે.[૧૩૪]

ससुरासुरगंधर्वं सयक्षोरगराक्षसम् ।
जगद्वशे वर्ततेदं कृष्णस्य सचराचरम् ॥ १३५ ॥

દેવતા, દૈત્ય, ગંધર્વ, યક્ષ, સર્પ અને રાક્ષસ સહિત આ સ્થાવર તથા જંગમરૂપ જગત્, શ્રીકૃષ્ણને આધીન રહીને પોતાની ક્રિયા કર્યા કરે છે.[૧૩૫]

इंद्रियाणि मनो बुद्धिः सत्वं तेजो बलं धृतिः ।
वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञ एव च ॥ १३६ ॥

ઇંદ્રિયો, મન, બુદ્ધિ, સત્વ, તેજ, બળ, ધીરજ, ક્ષેત્ર (શરીર) અને ક્ષેત્રજ્ઞ એટલે આત્મા આ સર્વ શ્રી વાસુદેવરૂપ છે એમ વેદો કહે છે.[૧૩૬]

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥ १३७ ॥

સર્વ શાસ્ત્રોમાં આચારને પ્રથમ ગણેલો છે, આચારથી ધર્મની ઉત્પત્તિ થાય છે, અને ધર્મના સ્વામી અચ્યુત પરમાત્મા છે.[૧૩૭]

ऋषयः पितरो देवा महाभूतानि धातवः ।
जंगमाजंगमं चेदं जगन्नारायणोद्भवम् ॥ १३८ ॥

ઋષિઓ, પિતરો, દેવતાઓ, પંચમહાભૂતો અને ધાતુઓ, અને સ્થાવર તથા જંગમરૂપ આ સર્વ જગત્ નારાયણથી ઉત્પન્ન થયું છે.[૧૩૮]

योगो ज्ञानं तथा सांख्यं विद्याः शिल्पादिकर्म च ।
वेदाः शास्त्राणि विज्ञानमेतत्सर्वं जनार्दनात् ॥१३९॥

યોગ, જ્ઞાન, સાંખ્ય, વિદ્યાઓ, શિલ્પ વગેરે કર્મો, વેદો, શાસ્ત્રો અને વિજ્ઞાન એ સર્વ વિષ્ણુથી ઉત્પન્ન થયાં છે.[૧૩૯]

एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनेकशः ।
त्रींल्लोकान्व्याप्य भूतात्मा भुंक्ते विश्वभुगव्ययः ॥१४०

વિષ્ણુ જ એક એવા છે કે જે અનેક રૂપે વહેંચાઈ જઈને ભિન્ન ભિન્ન ભૂતવિશેષમાં ઘણાં રૂપ ધરે છે, ત્રણ લોકોમાં વ્યાપીને સર્વ ભૂતોના તે આત્મા સર્વને ભોગવે છે, તે વિશ્વને ભોગવે છે, તે અવિનાશી છે.[૧૪૦]

इमं स्तवं भगवतो विष्णोर्व्यासेन कीर्तितम् ।
पठेद्य इच्छेत्पुरुषः श्रेयः प्राप्तुं सुखानि च ॥१४१॥

જે પુરુષ શ્રેય અને સુખો મેળવવાની ઇચ્છા

કરતો હોય તેણે, ભગવાન્ શ્રીવ્યાસે કહેલા આ વિષ્ણુસહસ્રનામના સ્તોત્રનો પાઠ કરવો.[૧૪૧]

विश्वेश्वरमजं देवं जगतः प्रभवाप्ययम् ।
भजंति ये पुष्कराक्षं न ते यांति पराभवम् ॥१४२॥

જેઓ વિશ્વના ઈશ્વર, અજન્મા, દેવ, જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા વિનાશ કરનારા અને કમળ જેવાં નેત્રવાળા શ્રી વિષ્ણુનું ભજન કરે છે, તેઓ કોઈનાથી પરાજય પામતા નથી.[૧૪૨]

अर्जुन उवाच ॥

पद्मपत्रविशालाक्ष पद्मनाभ सुरोत्तम ।
भक्तानामनुरक्तानां त्राता भव जनार्दन ॥ १४३ ॥

અર્જુન કહે છે:–હે કમળના પત્ર જેવાં વિશાળ નેત્રવાળા! હે કમળાકાર નાભિવાળા! હે દેવતાઓમાં ઉત્તમ! હે જનાર્દન! તું પ્રીતિપાત્ર ભક્તોનું રક્ષણ કર.[૧૪૩]

श्रीभगवानुवाच ॥

यो मां नामसहस्रेण स्तोतुमिच्छति पांडव ।
सोऽहमेकेन श्लोकेन स्तुत एव न संशयः ॥ १४४ ॥

શ્રી ભગવાન્ બોલ્યા:--હે પાંડવ! જો મનુષ્ય મારાં સહસ્રનામથી મારી સ્તુતિ કરવાની ઇચ્છા

કરે છે, તો તે હું એક શ્લોકથી પણ પૂજાયલો છું, એમાં શંકા નથી.૧૪૪

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटीयुगधारिणे नमः॥१४५

પાર વિનાના અને હજારો રૂપ ધારણ કરનારા તથા હજાર ચરણ, નેત્ર, મસ્તક, સાથળ અને બાહુવાળા પરમાત્માને નમસ્કાર હો! હજાર નામવાળા અને હજાર કોટી યુગને ધારણ કરનારા એવા સનાતન પરમાત્માને નમસ્કાર હો!૧૪૫

नमः कमलनाभाय नमस्ते जलशायिने ।
नमस्ते केशवानंत वासुदेव नमोऽस्तु ते ॥१४६॥

જેની નાભિમાં કમળ છે એવા તમને નમસ્કાર કરું છું. હે કેશવ! હે અનંત! તમને નમસ્કાર કરું છું. હે વાસુદેવ! તમને નમસ્કાર કરું છું.૧૪૬

वासनाद्वासुदेवस्य वासितं भुवनत्रयम् ।
सर्वभूतनिवासोऽसि वासुदेव नमोऽस्तु ते ॥१४७॥

વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણની વાસનાથી ત્રણે લોક વાસનાવાળા છે. હે વાસુદેવ! તમારામાં સર્વ

પ્રાણીઓનો નિવાસ છે. હે વાસુદેવ! તમને નમસ્કાર કરું છું.[૧૪૭]

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।
जगद्धिताय कृष्णाय गोविंदाय नमो नमः ॥१४८॥

બ્રાહ્મણનું હિત કરનારા દેવને નમસ્કાર કરું છું, ગાય અને બ્રાહ્મણનું હિત કરનારા દેવને નમસ્કાર કરું છું. જગતનું હિત કરનારા કૃષ્ણને નમસ્કાર કરું છું અને ગાયોનું રક્ષણ કરનારા દેવને નમસ્કાર કરું છું.[૧૪૮]

आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥ १४९ ॥

આકાશમાંથી સર્વ ઠેકાણે પડેલું પાણી જેમ સમુદ્રમાં જાય છે, તેમજ સર્વ દેવને કરેલા નમસ્કાર શ્રીકૃષ્ણના પ્રત્યે જાય છે.[૧૪૯]

एष निष्कंटकः पंथा यत्र संपूज्यते हरिः ।
कुपथं तं विजानीयाद्गोविंदरहितागमम् ॥ १५० ॥

જે માર્ગમાં શ્રીહરિનું ભજન, કીર્તન તથા પૂજન થાય છે એવા આ માર્ગને કાંટા વિનાનો જાણવો તથા જે માર્ગમાં શ્રીહરિનાં કીર્તન પૂ-

જનનો આદર હોતો નથી, તે માર્ગને દુષ્ટ માર્ગ જાણવો.[१५०]

सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम् ।
तत्फलं समवाप्नोति स्तुत्वा देवं जनार्दनम् ॥१६१॥

ચારે વેદો ભણવાથી જે પુણ્ય મળે છે, સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ મળે છે, તે ફળ દુષ્ટને દમનારા શ્રીહરિની સ્તુતિ કરવાથી પણ મનુષ્ય પામે છે.[१५१]

यो नरः पठते नित्यं त्रिकालं केशवालये ।
द्विकालमेककालं वा क्रूरं सर्वं व्यपोहति ॥१६२॥

જે મનુષ્ય પ્રતિદિન શ્રીહરિના મંદિરમાં ત્રણ વખત (પ્રભાત, મધ્યાહ્ન અને સાયંકાળ) બે વખત અથવા તો એક વખત શ્રીવિષ્ણુસહસ્ર-નામના સ્તોત્રનો પાઠ કરે છે, તે પોતાનાં સર્વ પાપી કર્મોને નાશ કરે છે.[१५२]

दह्यंते रिपवस्तस्य सौम्याः सर्वे सदा ग्रहाः ।
विलीयंते च पापानि स्तवे ह्यस्मिन्प्रकीर्तिते ॥१६३॥

જે આ સ્તોત્રનો પાઠ કરે છે, તેના શત્રુઓ બળીને ભસ્મ થાય છે. સર્વ ગ્રહો તેના ઉપર સદા શાંત રહે છે અને તેનાં પાપો વિનાશ પામે છે.[१५३]

येन ध्यातः श्रुतो येन येनायं पठ्यते स्तवः ।
दत्तानि सर्वदानानि सुराः सर्वे समर्चिताः ॥१२४॥

જે મનુષ્ય આ સ્તોત્રનું ધ્યાન કરે છે, જે મનુષ્ય આ સ્તોત્રને સાંભળે છે, જે મનુષ્ય આ સ્તોત્રને ભણે છે, તેણે સર્વ દાનો આપ્યાં છે અને સર્વ દેવોની પૂજા કરી છે, એમ જાણવું.[154]

इह लोके परे वापि न भयं विद्यते क्वचित् ।
नाम्नां सहस्रं योऽधीते द्वादश्यां मम सन्निधौ ॥१२५॥

જે મનુષ્ય દ્વાદશીને દિવસે મારી આગળ શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે, તેને આ લોકમાં અથવા તો પરલોકમાં કોઈ પણ ઠેકાણે ભય રહેતો નથી.[155]

शनैर्दहति पापानि कल्पकोटिशतानि च ।
अश्वत्थसन्निधौ पार्थ तुलसीसन્निधौ तथा ॥१२६॥

તેમ જ તે કરોડો કલ્પનાં પાતકોને બાળી નાંખે છે. હે પૃથાપુત્ર અર્જુન! જે મનુષ્ય પીપળાની પાસે અથવા તો તુળસીની પાસે બેસીને શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે, તેને એક કરોડ ગાય આપવાનું ફળ મળે છે.[156]

पठेन्नामसहस्रं तु गवां कोटिफलं लभेत् ।
शिवालये पठेन्नित्यं तुलसीवनसंस्थितः ॥ १२७॥
नरो मुक्तिमवाप्नोति चक्रपाणेर्वचो यथा ।
ब्रह्महत्यादिकं घोरं सर्वं पापं विनश्यति ॥१२८॥

इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां वैयासिक्यामानुशासनिके पर्वणि दानधर्मे भीष्मयुधिष्ठिरसंवादे श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्रं संपूर्णम् ॥

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

જે મનુષ્ય નિરંતર શિવાલયમાં બેસીને અથવા તો તુળસીના વનમાં બેસીને જો શ્રીવિષ્ણુ સહસ્રનામનો પાઠ કરે છે તો તે મોક્ષને પામે છે. આને માટે ચક્રને હાથમાં ધારણ કરનારા શ્રીહરિનું વચન સત્ય જાણવું. વળી પાઠ કરનારાનાં બ્રહ્મહત્યા વગેરે સર્વ ઘોર પાપ પણ વિનાશ પામે છે. ૧૫૭–૧૫૮

ઇતિ શ્રીવિષ્ણુસહસ્રનામ સંપૂર્ણ

'ગુજરાતી' પ્રેસમાંથી પ્રકટ થયેલાં પુસ્તકો

	રૂ. આ. પૈ.
શ્રીમદ્‌ભાગવત (મધ્યમાક્ષર સચિત્ર)	૪- ૮-૦
શ્રીમદ્‌ભાગવત (કવિ વલ્લભ અને પ્રેમાનંદ કૃત, સચિત્ર આવૃત્તિ ૩ જી)	છપાય છે.
શ્રીમદ્‌ભાગવત એકાદશસ્કંધ	૦- ૬-૬
શ્રીમદ્‌ભાગવત ગુટકો ભાષાંતર (૧૭ ચિત્રસમેત)	૨- ૪-૦

ધર્મ

શ્રીવામનપુરાણ	૧- ૮-૦
પારાશરસ્મૃતિ (મૂળ અને કેવળ નવીન પદ્ધતિપર પ્રમાણવાળું ને પુષ્કળ ટીકાવાળું ભાષાંતર)...	૧- ૮-૦
મનુસ્મૃતિ મૂળ અને ઉત્તમ પ્રકારની ટીકા)...	૩- ૮-૦
વેદોક્ત ધર્મપ્રકાશ (વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત પ્રશ્નોત્તરરૂપે. નાનાં બાળકો તથા યુવાન્ સ્ત્રી પુરુષોને સનાતન આર્ય ધર્મનો ઉત્તમ બોધ આપનારો આના જેવો એકે ગ્રંથ નથી) ...	૧- ૪-૦
ધર્મવિચાર	૧- ૪-૦

નીતિ

ભર્તૃહરિ શતકચતુષ્ટયસંગ્રહ (૨ જી આવૃત્તિ)...	૦-૧૨-૦
શુક્રનીતિ (પુષ્કળ સુધારા વધારા સાથે ૨ જી આવૃત્તિ)	૧- ૮-૦
વિદુરનીતિ (૪ થી આવૃત્તિ)	૦- ૨-૬
પંચતંત્ર (૨ જી આવૃત્તિ)	૧- ૦-૦
કળાવિલાસ (૨ જી આવૃત્તિ)	૦-૧૨-૦
ચારુચર્યા અથવા શુભાચાર (૩ જી આવૃત્તિ)...	૦- ૨-૬